

वाचक मेरुसुंदरकृत बालावबोध



વાચક મેરુસુંદરકૃત બાલાવબોધ



કુમારપાળ દેસાઈ

વાચક મેરુસુંદરગણિ વિરચિત
શ્રી અજિતશાંતિ-સ્તવન
બાલાવબોધ

: સંપાદક :

કુમારપાળ દેસાઈ

: મુખ્ય વિક્રેતા :

શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા

દાંણીચોક, ભાવનગર

૮૯૧-૪૭૦૭ દેસાઈ, કુમારપાળ
દેસાઈ અજિત શાંતિ-સ્તવન બાલવબોધ
અમદાવાદ, જયભિખ્ખુ સાહિત્ય
ટ્રસ્ટ ૧૯૯૦.

પ્રથમ આવૃત્તિ : ફેબ્રુઆરી, ૧૯૯૦
કિંમત : વીશ રૂપિયા

· પ્રકાશક ·
શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ
૧૩ બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ,
પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭

· સહયોગ : આભાર ·
શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન બોર્ડિંગ (અમદાવાદ) તથા
શ્રેષ્ઠિવર્ય શ્રી શ્રેણિકભાઈ કસ્તૂરભાઈ અને ટ્રસ્ટીમંડળ

· મુદ્રક ·
કાન્તિભાઈ મ. મિસ્ત્રી
આદિત્ય મુદ્રણાલય, રાયખડ, અમદાવાદ ૩૮૦૦૦૧

□

સૌજન્યશીલ સારસ્વત

શ્રી હરિવલ્લભ ભાયાણીને

□

અન્ય કૃતિઓ

વિવેચન

શબ્દસંનિધિ

ભાવન-વિભાવન

હેમચંદ્રાચાર્યની સાહિત્યસાધના

સંશોધન

આનંદઘન : એક અધ્યયન

જ્ઞાનવિમલસૂરિકૃત સ્તબક

અપ્રગટ મધ્યકાલીન કૃતિઓ

ગત સૈકાની જૈન ધર્મની પ્રવૃત્તિઓ

સંપાદન

સાહિત્ય અને પત્રકારત્વ

નર્મદ : આજના સંદર્ભમાં

બાળસાહિત્ય સંગોષ્ઠિ

કવિ દુલા કાગ સ્મૃતિગ્રંથ

જયભિખ્ખુ સ્મૃતિગ્રંથ

શબ્દશ્રી

જયભિખ્ખુની જૈન કથાઓ : ભા. ૧-૨

હેમ-સ્મૃતિ

ઉપોદ્ઘાત

પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં પદ્યની માફક ગદ્યમાં પણ વિપુલ ખેડાણ થયું છે. એક સમયે એવી માન્યતા હતી કે પ્રાચીન ગુજરાતી સાહિત્ય બહુધા પદ્યમાં લખાયું છે, પરંતુ જેમ જેમ સંશોધન થતું જાય છે તેમ તેમ એના વિપુલ અને વૈવિધ્યસભર ગદ્યસાહિત્યનો ખ્યાલ આવે છે. આ ગદ્યના અનેક સ્વરૂપ મળે છે. બાલાવબોધ, ઔક્તિક, વર્ણકસંગ્રહ, કથાઓ, કથાસંક્ષેપો અને પ્રાસયુક્ત ગદ્ય 'બોલી'માં રચાયેલી કૃતિઓ મળે છે. ગદ્યમાં દાર્શનિક ચર્ચાઓ, વાદવિવાદો અને પ્રશ્નોત્તરીના ગ્રંથ પણ સાંપડે છે.

બાલાવબોધ

જૂની ગુજરાતીમાં મળતી ગદ્યકૃતિઓમાં ઘણો મોટો ભાગ બાલાવબોધોનો છે. સંસ્કૃત કે પ્રાકૃત ભાષામાં રહેલા શાસ્ત્રગ્રંથોને લોકભાષા દ્વારા જનસમૂહ સુધી સરળ સ્વરૂપમાં સુલભ બનાવવાની પ્રવૃત્તિ એટલે બાલાવબોધ. 'બાલ'નો અર્થ બાળક નહીં, પણ અલ્પજ્ઞ છે. સંસ્કૃત-પ્રાકૃત ભાષાના જ્ઞાનથી વંચિત એવા બાલજનોને એમની જ ભાષામાં સમજ આપવા માટે બાલાવબોધની રચના થયેલી છે. આમાં ક્યારેક અનુવાદ

કે ટીકા હોય તો વળી ગ્રંથ સમજવામાં સુગમ બને તે માટે દૃષ્ટાંતકથાઓ અને અવાંતર ચર્ચાઓ પણ હોય. આમ કરવા જતાં મૂળ ગ્રંથનો ઘણો વિસ્તાર થયેલો જોવા મળે. બાલાવબોધની પરંપરાનું પગેરું છેક બીજી સદીના ઉત્તરાર્ધમાં સાંપડે છે, પરંતુ ચૌદમી સદીમાં એ એક પરંપરા તરીકે પ્રતિષ્ઠિત થાય છે. બાલાવબોધની રચના પાછળ સર્જન કે નવસર્જનનો આશય નહોતો. એની રચના પાછળ આનંદ કે અભિવ્યક્તિનું કોઈ પ્રયોજન નહોતું. એનો હેતુ તો મૂળ ગ્રંથોને વફાદાર રહીને સાદી ભાષામાં સુગમ બનાવવાનો હતો. પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં મળતા કથાપ્રધાન બાલાવબોધો સૌથી વિશેષ મહત્ત્વના છે. એમાં જરૂર પડયે મૂળ કથામાં જરૂરી ફેરફારો કરીને એને નવેસરથી કહેલી હોય છે. આડકથાઓનો તો પાર હોતો નથી.

બાલાવબોધ અલ્પજ્ઞ માટે છે, પરંતુ એથીયે ઓછું શાસ્ત્રજ્ઞાન ધરાવતા જનસમૂહને માટે બાલાવબોધના ઉત્તરકાળમાં સ્તબકની રચના મળે છે. આ 'સ્તબક' અર્થાત્ 'ટબા'માં અન્વયની પદ્ધતિએ શ્લોકાર્થ આપવામાં આવે છે. મૂળ પંક્તિ ઉપર નાના અક્ષરોમાં ગુચ્છની માફક એનો શબ્દાર્થ લખવામાં આવે છે. આથી આવી રીતે લખાયેલા શબ્દાર્થને માટે સ્તબક શબ્દ પ્રચલિત બન્યો છે. જુદી જુદી હસ્તપ્રતોમાં ટબાને માટે 'ટબો', 'ટબૂ', 'ટબંક' અને 'ટબાર્થ' જેવા શબ્દો મળે છે. ટબો અને બાલાવબોધમાં એક તફાવત છે. ટબામાં મૂળ શબ્દની ઉપર વ્યાખ્યા આપવામાં આવે છે. જ્યારે બાલાવબોધમાં ગુજરાતી ભાષામાં સંક્ષિપ્ત વ્યાખ્યા આપવામાં આવી હોય છે.

કર્તાપરિચય

ખરતરગચ્છના પ્રસિદ્ધ આચાર્ય જિનભદ્રસૂરિ (વિ. સં. ૧૪૪૯ થી ૧૫૧૪)ના પટ્ટશિષ્ય આચાર્ય જિનચંદ્રસૂરિ (વિ. સં.

૧૪૮૭ થી ૧૫૩૦)ના શિષ્ય વાચનાચાર્ય રત્નમૂર્તિગણિના શિષ્ય ઉપાધ્યાય મેરુસુંદર હતા. તેઓ વિક્રમના સોળમા શતકના પૂર્વાર્ધમાં થઈ ગયા અને એમણે વિવિધ વિષયના સંસ્કૃત–પ્રાકૃત ગ્રંથોનો ગુજરાતીમાં બાલાવબોધ રચ્યો છે. એમણે જૈન અને જૈનેતર કર્તાઓની કૃતિઓ પર બાલાવબોધ રચ્યા છે. એમાં કેટલાક બાલાવબોધ તીર્થંકરની સ્તુતિ કે મંત્રના મહિમા માટે રચાયેલા છે. કેટલાક બાલાવાબોધની રચના 'ભવ્ય જીવોને બોધ' આપવા માટે કરી છે, પરંતુ બીજા કેટલાક એવા પણ છે, જેની રચના ગુરુએ પોતાના શિષ્યોને કાવ્ય અને અલંકારની સુગમ સમજ આપવા માટે કરી હોય. આ બાલાવબોધોમાંથી સાત બાલાવબોધના રચના સંવત મળે છે. આમાં સૌથી પ્રથમ શત્રુંજય સ્તવન બાલાવબોધનો રચના–સંવત ૧૫૧૮ છે. તો વાગ્ભટાલંકાર બાલાવબોધનો રચના–સંવત ૧૫૩૫ છે. શીલોપદેશમાલા, વાગ્ભટાલંકાર અને ષષ્ટિશતક પ્રકરણ જેવી કૃતિઓ પરના મેરુસુંદરના બાલાવબોધો પ્રકાશિત થયા છે. એમણે વિદગ્ધમુખમંડન બાલાવબોધ પોતાના ગુરુનો આદેશ પ્રાપ્ત કરીને રચ્યો હોવાનો ઉલ્લેખ મળે છે. એ જ રીતે ષષ્ટિશતકનો બાલાવબોધ પણ ગુરુની આજ્ઞાથી બનારસમાં રચ્યો હતો એમ તેમણે પોતે નોંધ્યું છે. 'શીલોપદેશમાલા', 'ષડાવશ્યક' અને 'ષષ્ટિશતક પ્રકરણ'– એ ત્રણ ગ્રંથના બાલાવબોધો એમણે મંડપદુર્ગ(મધ્યપ્રદેશમાં આવેલું માંડુ કે માંડવગઢ)માં રહીને ત્રણેક વર્ષના ગાળામાં રચ્યા છે.

ઉપાધ્યાય મેરુસુંદરની મૂળ વ્યક્તવ્યને ગુજરાતી ગદ્યમાં સંક્ષેપમાં રજૂ કરવાની હથોટી નોંધપાત્ર છે. એમના જુદા જુદા બાલાવબોધોની પુષ્પિકાઓમાં તેમની 'વાચક' કે 'ઉપાધ્યાય' તરીકે ઓળખ છે. આ પદવીઓ પરથી અનુમાન થાય કે તેઓ શિષ્યોને ભણાવવાનું કે એમને 'વાચના' આપવાનું કાર્ય કરતા હશે. આ પ્રવૃત્તિના ફળરૂપે કેટલાક બાલાવબોધોની રચના થઈ

પણ હોય. તેઓ અલંકારશાસ્ત્ર કે સાહિત્યશાસ્ત્રની વાચના આપતા હશે એમ એમના 'વાગ્ભટાલંકાર' અને 'વિદગ્ધમુખમંડન' જેવા અલંકારશાસ્ત્રના અને 'વૃત્તરત્નાકર' જેવા છંદશાસ્ત્રના મહત્ત્વના ગ્રંથોના બાલાવબોધ પરથી કહી શકાય. એમના આ બાલાવબોધોનો મધ્યકાલીન ગુજરાતી ગદ્યના વિકાસમાં નોંધપાત્ર ફાળો ગણાય. એમની પહેલાં તરુણપ્રભસૂરિ, સોમસુંદરસૂરિ, જિનસાગરસૂરિ વગેરેએ રચેલા બાલાવબોધો હતા. અને ષડાવશ્યક બાલાવબોધની પ્રશસ્તિમાં તો તેમણે જણાવ્યું છે કે તરુણપ્રભસૂરિરચિત 'ષડાવશ્યક–બાલાવબોધ' અનુસાર પોતે આ બાલાવબોધ રચી રહ્યા છે.

□

કુશળ બાલાવબોધકાર મેરુસુંદર ઉપાધ્યાયના દસ જેટલા બાલાવબોધોની વિગત 'જૈન ગૂર્જર કવિઓ'માં મળે છે.[1] પરંતુ એ પછી ઉપાધ્યાય મેરુસુંદરે રચેલા બીજા છ બાલાવબોધો જાણમાં આવ્યા છે.[2] આ બાલાવબોધો વિશે વિગતે માહિતી પ્રાપ્ત થતી નથી. અહીં મેરુસુંદરના એ સોળ બાલાવબોધો વિશે વિગતે વિચાર કરીએ.

૧. શત્રુંજયમંડન ઋષભદેવ સ્તવન બાલાવબોધ :

શ્રી વિજયતિલકસૂરિની મૂળ રચના પર મેરુસુંદરગણિએ રચેલો આ બાલાવબોધ છે. શ્રી લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરના પુણ્યવિજયજી આદિ સંગ્રહમાં આની હસ્તપ્રત (ક્રમાંક–૬૧૮૭) મળે છે. એમાં ૨૩થી ૪૩ પત્રમાં આ બાલાવબોધ આપવામાં આવ્યો છે અને તેની લેખન સંવત સોળમું શતક ગણી શકાય. આ અમુદ્રિત બાલાવબોધની રચના મેરુસુંદર ઉપાધ્યાયે વિ. સં. ૧૫૧૮માં કરેલી છે. મૂળ કૃતિનો આદિ અને બાલાવબોધનો અંત આ પ્રમાણે છે :

આદિ – પહિલઉ પણમીય દેવ પરમેસર સેત્તુજ ધણીયી પયપંકયરયસેવ રંગિહિ વિરચિસુ તસુતણીય.

અંત – ગુરુ કહિતાં મોટઉ ભવસંસાર તેહરૂપ અસુર

૧. જૈન ગુર્જર કવિઓ, ત્રીજો ભાગ, ખંડ-૨. પૃ ૧૫૮૨થી ૧૫૮૫
૨. શીલોપદેશમાલા બાલાવબોધ – પૃ. ૪.

કહિતાં દૈત્ય તેહનઈં ગંજણ કહિતાં વિનાશકા વલી કેહવા છઈ સાસણ કહિતાં જિનશાસન તેહનઈ વિજયવંત તિલક પ્રાય છઈ નિરંજણો પાપરહિત. ૨૧. ઇતિશ્રી શત્રુંજય મુખમંડન શ્રી યુગાદિદેવ સ્તવનં. વાર્તા બાલાવબોધ રૂપેણ વા૦ મેરુસુંદર ગણિના લેખિતં. શ્રી : ||

૨. પુષ્પમાલા-પ્રકરણ બાલાવબોધ :

શ્રી અભયદેવસૂરિ શિષ્ય હેમચંદ્રસૂરિના ૫૦૫ ગાથાના મૂળ પ્રાકૃત ગ્રંથ પર લખાયેલો છ હજાર ગ્રંથાગ્રનો આ બાલાવબોધ છે. એની રચના વિ. સં. ૧૫૨૩માં ઉપાધ્યાય મેરુસુંદરે કરેલી છે. એની એક પ્રતિ શ્રી લા. દ. ભારતીય વિદ્યામંદિરના શ્રી પુણ્યવિજયજી આદિના સંગ્રહમાં (ક્રમાંક-૧૮૫૪) ઉપલબ્ધ છે. એમાં ૫૦૫ મૂળ ગાથા ઉપરાંત બીજી ૭૦ ગાથા ઉમેરેલી છે અને આમ કુલ ૫૭૫ ગાથા પર આ બાલાવબોધ લખાયેલો છે. ૧૪૮ પત્ર ધરાવતી આ હસ્તપ્રતના પ્રત્યેક પત્ર પર ૧૪ લીટી છે અને પ્રત્યેક પંક્તિમાં ૪૦ અક્ષર છે. આનો લેખન સંવત ૧૭૯૧ છે. સામાન્ય રીતે જૈન પરંપરામાં રચયિતાનું નામ કૃતિને અંતે આવે છે અને બ્રાહ્મણ પરંપરામાં એ કૃતિને પ્રારંભે મળે છે. ઉપાધ્યાય મેરુસુંદરની કૃતિઓમાં પ્રારંભે નામોલ્લેખ મળે છે તે નોંધપાત્ર ગણાય.

આદિ – શ્રી શ્રીમદ્વીરંધીરં જલધિ ગંભીરં જલધિતાદ્વેશં શ્રી ગૌતમાદિગણધર સહિતં હિતકારકં જગતિ. ૧. હું શ્રી મહાવીર ચૌવીસમો તીર્થંકર પ્રણમું. કીસા છેં તે શ્રી મહાવીર. ધીર છે બાવીસ પરીસહ ઉપને થકેં ક્ષોભતા નથી. તેણું કરી ધીર છેં. વલી કિસ્યા છેં. શ્રી મહાવીર જલધિ સમુદ્ર સરીખો ગં૦જગત્રય માંહે સર્વં જીવ ચૌરાસી લક્ષ જિવાયોનિને વિશેં હિતકાર છેં. ૧. શ્રી પુષ્પમાલા વિવૃત્તિ મનોજ્ઞાં બાલાવબોધમધુના કરોતિ. તે વાચનાચાર્ય શ્રી રત્નમૂર્તિગણિના પ્રસાદેં વાચનાચાર્ય

મેરુસુંદરગણિ તે શ્રી પુષ્પમાલાતણો બાલાવબોધ વિવર્ણ કરે. કિસા છેં તે વાચનાચાર્ય. રત્નમૂર્તિંગતિ ગુણતણા મંદિર છે. કિસી છેં તે પુષ્પમાલા વિવૃત્તિ. બાલમૂર્ખના અવબોધ જાંણિવાનો કારણ છેં.

આ બાલાવબોધના આરંભમાં લેખક પોતાને માટે 'હું'નો પ્રયોગ કરે છે, જે અન્યત્ર જૈન પરંપરામાં ભાગ્યે જ જોવા મળે છે.

અંત – ઈતિશ્રી ખરતરગચ્છે વા૦ રત્નમૂર્તિશિષ્ય વા૦ મેરુસુંદરગણિ વિરચિતે પુષ્ફમાલા બાલા(વ)બોધ સંપૂર્ણ. સકલ પંડિતશ્રી પં. શ્રી કાંતિવિજયગણિ શિષ્ય નાયકેન લિપીકૃતાં. પં. શ્રી પ્રેમવિજયગણિ વાચનાર્થે સંવત ૧૭૯૧ વર્ષે કાતિ વદિ ૧૧ રવૌ ગ્રાંમ ધૂનાતટ મધ્યે લેખક દિન ૫૦ મધ્યે.

અહીં લિપિકાર નોંધે છે કે એણે પચાસ દિવસમાં આ હસ્તપ્રત લખી. સામાન્ય રીતે 'સવારે કે સાંજે હસ્તપ્રતનું લેખન પૂરું થયું તેના ઉલ્લેખ મળે છે પરંતુ કુલ કેટલા દિવસમાં હસ્તપ્રત લખાઈ એવો આ ઉલ્લેખ નોંધપાત્ર ગણાય. ૧૪૮ પત્રની આ હસ્તપ્રત હોવાથી દિવસના ત્રણ પાનાં લખાયેલાં ગણાય. આ લેખનકાર્ય કરનાર જૈન સાધુ હોવાથી અને તેઓ દીવાનો ઉપયોગ કરતા ન હોવાથી દિવસના આટલા પત્ર લખ્યા હશે.

૩. ષડાવશ્યક–સૂત્ર અથવા શ્રાવક પ્રતિક્રમણસૂત્ર બાલાવબોધ :

મધ્યપ્રદેશમાં આવેલા માંડુ અથવા માંડવગઢમાં ઉપાધ્યાય મેરુસુંદરે વિ. સં. ૧૫૨૫ વૈશાખ સુદી ૫ ના રોજ આ બાલાવબોધની રચના કરી. એમણે શ્રી તરુણપ્રભાચાર્યકૃત બાલાવબોધ અનુસાર આની રચના કર્યાની નોંધ મળે છે. શ્રી લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરના પુણ્યવિજયજી આદિ સંગ્રહમાં (ક્રમાંક

૪૮૩૭) ષડાવશ્યક સૂત્ર બાલાવબોધની હસ્તપ્રત મળે છે. ૪૨ પત્ર ધરાવતી આ પ્રતિની સ્થિતિ સારી છે. પ્રતની ૠ બાજુ મધ્યચંદ્ર અને ब બાજુ મધ્ય અને બે બાજુની હૂંડીમાં ચંદ્રકો કરેલા છે. ૧૫૦૦ ગ્રંથાગ્ર ધરાવતી આ પ્રતનો લેખન સંવત ૧૫૭૫ છે.

આદિ – અર્હં શિવાય શ્રી મહાવીરઃ સુરાસુર નમસ્કૃતઃ ચતુર્વિધસ્ય સંઘસ્ય ભવતાત્ ગૌતમાન્વિતઃ ૧

અંત – ઇતિ શ્રાવક પ્રતિક્રમણુ બાલાવબોધ. સં. ૧૫૭૫ વર્ષે શ્રાવણુ સુદિ ૪ શ્રી ખરતર ગચ્છ નાયક શ્રી જિનરાજસૂરિ પટ્ટાલંકાર શ્રી જિનભદ્રસૂરિ પટ્ટપૂર્વાચલ ચૂલિકા શૃંગાર દિવાકરાણાં વિજયવતાં સુવિહિત સૂરિ શિરોમણિનાં શ્રી પૂજ્ય શ્રી જિનચંદ્રસૂરિરાજાનામાદેશેન શ્રીમંડપ મહાદુર્ગે શ્રી સંઘાભ્યર્થનયા વાચનાચાર્ય રત્નમૂર્તિગણિ શિષ્ય વા૦ મેરુસુંદર ગણિના શ્રી ષડાવશ્યક વાર્તા બાલાવબોધઃ પરોપકારાય શ્રી તરુણપ્રભાચાર્ય બાલાવબોધાનુસારેણ કૃતો યં બહુશ્રુતૈઃ પ્રસત્તિં વિધાય યદુત્સૂત્રં ભવતિ તત્ શોધનીયં સર્વૈરપિ વાચ્યમાનમ્ ચિરંનંદનાત્. ૬. ગ્રંથાગ્ર ૧૫૦૦

૪. શીલોપદેશમાલા બાલાવબોધ :

જયકીર્તિસૂરિના મૂળ પ્રાકૃત ગ્રંથ સીલોવએસમાલા-(શીલોપદેશમાલા)ના આ બાલાવબોધની રચના પણ ઉપાધ્યાય મેરુસુંદરે ષડાવશ્યક – પ્રકરણ બાલાવબોધની જેમ માંડવગઢમાં વિ. સં. ૧૫૨૫માં કરી. શીલપાલનનું મહત્ત્વ અને તેના લૌકિક–અલૌકિક લાભો બતાવીને શીલભંગથી થતી હાનિ પણ આમાં બતાવવામાં આવી છે. આ ઉપદેશની સાથે દૃષ્ટાંતરૂપે મહાન સ્ત્રી–પુરુષોના શીલપાલનના પ્રસંગો આપ્યા છે. મૂળ ગાથામાં આવતા ૪૩ જેટલાં દૃષ્ટાંતોને સંપૂર્ણ કથારૂપે રજૂ કરવામાં બાલાવબોધકારની ભાષાશક્તિ અને અભિવ્યક્તિ ક્ષમતાનો પરિચય

થાય છે. આમાંની કથાઓ કથાનકોની પરંપરાના અભ્યાસ માટે ઉપયોગી બની રહે તેવી છે. ૧૧૪ પ્રાકૃત ગાથાઓની વ્યાખ્યાનો વિસ્તાર કથા અને દૃષ્ટાંતોથી એવો સુંદર રીતે કર્યો છે કે જેથી આ બાલાવબોધ ૬૦૦૦ ગ્રંથાગ્રનો બન્યો છે. શ્રી લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં આની ઘણી હસ્તપ્રતો મળે છે. આનું અભ્યાસી સંપાદન પણ આ સંસ્થા દ્વારા પ્રગટ થયું છે.[3]

આદિ – શ્રીવીતરાગાય નમઃ

શ્રીનાભેયમમેયશ્રીસહિતં મહિતં સુરૈઃ ।
પ્રણિપત્ય સત્યભક્ત્યાઽનન્તાતિશયશાલિનમ્ ॥ ૧ ॥

અંત – ઇતિ શ્રીશીલોપદેશમાલા–બાલાવબોધઃ સંપૂર્ણઃ ॥ શ્રી ખરતરગચ્છે, શ્રી જિનચંદ્રસૂરિ–વિજયરાજ્યે, વાચક–રત્નમૂર્તિગણિ–શિષ્યેણ વાચક–મેરુસુન્દરગણિના શીલોપદેશમાલા–બાલાવબોધઃ મુગ્ધજનવિબોધાય કૃતઃ ॥

૫. ષષ્ટિશતક–પ્રકરણ બાલાવબોધ :

નેમિચંદ્ર ભંડારી નામના ખરતરગચ્છના એક શ્રાવકે ૧૬૦ ગાથાના ષષ્ટિશતક–પ્રકરણની પ્રાકૃતમાં રચના કરી. આ કૃતિની ૧૬૧મી ગાથા પુષ્પિકા જેવી છે. આમાં એમણે સદાચાર, સદ્ગુરુ, શુદ્ધ ધર્મ, મિથ્યાત્વ, ઉત્સૂત્રભાષણ આદિનું પ્રવાહી વર્ણન કર્યું છે. એ સમયે યતિઓનું પ્રાબલ્ય અને એમનામાં ફેલાયેલો શિથિલાચાર જોઈને ક્યાંક પ્રવર્તમાન પરિસ્થિતિ વિશે અણગમો અને આક્રોશ જોવા મળે છે. પ્રાકૃતમાં રચાયેલા આ ષષ્ટિશતક પર તપાગચ્છાચાર્ય શ્રી સોમસુંદરસૂરિ, ખરતરગચ્છની પિપ્પલક શાખાના આચાર્ય જિનસાગરસૂરિ, મેરુસુન્દર ઉપાધ્યાય

---

૩. શીલોપદેશમાલા–બાલાવબોધ, સંપાદકો : શ્રી હરિવલ્લભ ભાયાણી, રમણીકભાઈ શાહ અને ગીતાબેન. પ્રકાશક : લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ-૯.

તેમ જ અન્ય કર્તાઓના બાલાવબોધ મળે છે.[૪] મેરુસુન્દર ઉપાધ્યાયે રચેલા બાલાવબોધમાં એમનું ભાષાપ્રભુત્વ આગવું તરી આવે છે. ગુજરાતી ભાષામાં લાઘવ એમને સાધ્ય છે. ૭૦૦ ગ્રંથાગ્રના આ બાલાવબોધની રચના વિ. સં. ૧૫૨૭માં માંડુ અથવા માંડવગઢમાં થયેલી છે. આની એક હસ્તપ્રત શ્રી લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરના પુણ્યવિજયજી આદિના સંગ્રહ(ક્રમાંક – ૩૬૫૯)માં ઉપલબ્ધ છે. ૧૮ પત્ર ધરાવતી આ હસ્તપ્રતની સ્થિતિ સારી છે.

આદિ – સયલસુરાસુરનમિયં પાસજિણું પણમિઊણ ભાવેણં
બાલાણ બોહણત્થં પયડં વિવરેમિ સટ્ઠિસયં ॥ ૧ ॥

અંત – ઇતિ ષષ્ઠિશત(ક) પ્રકરણ બાલાવબોધઃ સમાપ્ત.
વિરચિતશ્ચ સં. ૧૫૨૭ વર્ષે શ્રી મંડપ મહાદુર્ગે શ્રી ખરતરગચ્છે શ્રી જિનભદ્રસૂરિ પટ્ટે શ્રી જિનચંદ્રસૂરિ વિજયિનિ વા૦ રત્નમૂર્તિગણિ મિશ્રાણાં શિષ્યેણ વા૦ મેરુસુન્દરગણિના સુશ્રાદ્ધજનોપકારાય કૃતઃ શુભં ભવતુ કલ્યાણમસ્તુ લેખકકસ્ય લિખિતં યાદશં પુસ્તકે દૃષ્ટવા તાદશં લિખિતં મયા. યદિ શુદ્ધં અશુદ્ધં વા મ૦ ॥

અહીં પ્રતમાં જગ્યાના અભાવે અંતે 'મમ દોષો ન દીયતે' ને બદલે મ૦ કર્યું છે.

૬. કર્પૂરપ્રકર-સ્તોત્ર બાલાવબોધ :

હરિ કવિના સંસ્કૃતમાં લખાયેલા આ ઉપદેશાત્મક કાવ્યના બાલાવબોધની રચના ઉપાધ્યાય મેરુસુન્દરે વિ. સં. ૧૫૩૧માં કરી. મૂળ ૧૭૯ સંસ્કૃત શ્લોક પર બાલાવબોધ લખવામાં આવ્યો છે. આની એક હસ્તપ્રત શ્રી લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યા-

---

૪. નેમિચંદ્ર વિરચિત ષષ્ટિશતક પ્રકરણ (ત્રણ બાલાવબોધ સહિત), સંપા. ભોગીલાલ સાંડેસરા, પ્રકા. : મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા.

મંદિરના પુણ્યવિજયજી આદિ સંગ્રહ(ક્રમાંક – ૫૪૫૩)માં મળે છે. ૯૩ પત્ર ધરાવતી આ હસ્તપ્રત ૧૬મા સૈકાની લાગે છે. પત્રની વચ્ચે ફૂદડીમાં વચ્ચે આવેલા છિદ્રને કારણે આવું અનુમાન થઈ શકે. દરેક પૃષ્ઠ પર સોળ લીટી છે અને દરેક લીટીમાં અડતાળીસ અક્ષર છે. શ્રી ડૂગાપુર નગરીમાં આસો સુદી ૧૫ આની રચના કર્યા હોવાનો ઉલ્લેખ મળે છે.

આદિ – જનઃસુખાભીલાષી સ્યાદ્ધર્માત્ તત્વજ્ઞાનતો ભવતિ
શાસ્ત્રાધિશમાજ્ઞાનમ્ તસ્યારંભમ્ કરોમ્યહં ॥

અંત – શ્રી ડૂગાપુર નગરી આસો સુદિ ૧૫ દિને શ્રી કપૂરપ્રકરનું બાલાવબોધ કીધૂં. ઇતિશ્રી કપૂરપ્રકર બાલાવબોધઃ સમાપ્તઃ શુભમસ્તુ શ્રી સંઘસ્ય. શુભં ભવતુ.

૭. વાગ્ભટાલંકાર બાલાવબોધ :

કુશળ બાલાવબોધકાર ઉપાધ્યાય મેરુસુંદરની એક વિશેષતા એ કહેવાય કે એણે અલંકારશાસ્ત્ર પર બાલાવબોધ લખ્યા છે. સામાન્ય રીતે સંસ્કૃત, પ્રાકૃત ગ્રંથોના અનુવાદ કે ટીકા રૂપે ઘણા બાલાવબોધો મળે છે, પરંતુ અલંકારશાસ્ત્ર કે સાહિત્યશાસ્ત્રના ગ્રંથો પર બહુ ઓછા બાલાવબોધો લખાયા છે. ઉપાધ્યાય મેરુસુન્દરે આવા બે બાલાવબોધ લખ્યા છે. એક છે 'વાગ્ભટાલંકાર' બાલાવબોધ અને બીજો છે બૌદ્ધ વિદ્વાન ધર્મદાસગણિકૃત 'વિદગ્ધમુખમંડન' નામના અલંકારશાસ્ત્રનો બાલાવબોધ. વાગ્ભટાલંકાર બાલાવબોધની રચના વાગ્ભટ નામના જૈન વણિકે અણહિલપુર પાટણમાં જયસિંહ સિદ્ધરાજના રાજ્યકાળમાં કરી હોવાનું માનવામાં આવે છે. આમાં કુલ ૨૬૦ શ્લોકો છે અને તેમાં કાવ્યની વ્યાખ્યા, કવિપ્રતિભા, કાવ્યશરીર, છંદોનિબદ્ધ અને અછંદ વાઙ્મય, પદ, વાકચ અને અર્થના દોષો, દસ ગુણો, ચિત્ર, વક્રોક્તિ, અનુપ્રાસ જેવા શબ્દાલંકારો, ૩૫ અર્થાલંકારો, વૈદર્ભી અને ગૌડી એ બે રીતિઓ તેમ જ નવ રસની ચર્ચા છે. આ

ગ્રંથના આરંભે મેરુસુન્દર પોતાને ગણિ કહે છે અને પ્રશસ્તિમાં વાચક કહે છે. આમાં મેરુસુંદરની મૂળ ભાવને ગુજરાતી ગદ્યમાં સંક્ષેપમાં રજૂ કરવાની હથોટી દેખાય છે. વાગ્ભટાલંકાર બાલાવબોધની રચના સં. ૧૫૩૫માં થઈ છે અને એ જ વર્ષમાં લખાયેલી એની શુદ્ધપ્રાયઃ હસ્તપ્રત મળે છે જેનું સંપાદન શ્રી ભોગીલાલ સાંડેસરાએ કરેલું છે.

આદિ – ॥ ૬. ॥ ૐ નમઃ શ્રીશ્રુતદેવતાયૈ ॥
સિદ્ધં સિદ્ધિદમીશ્વરં મઘવતા સંસ્તૂયમાનં પરં
સ્ફૂર્જત્સંસૃતિદુસ્તરાબ્ધિતરણે ચંચત્તરીસુંદરં ।
આનંદામલવલ્લરીપ્રવિલસત્પ્રત્યગ્રધારાધરં
વંદે નાભિનરેંદ્રનંદનમહં શ્રીમદ્યુગાદીશ્વરં ॥ ૧ ॥

અંત – સંવત ૧૫૩૫ વર્ષે શ્રીખરતરગચ્છે.... શ્રીમેરુસુંદરોપાધ્યાયૈઃ વાગ્ભટાલંકાર બાલાવબોધઃ કૃતોયં ચિરં નંદતાત્ ॥ છ। છ। કલ્યાણમસ્તુ ॥ આં. કાલાસુત શ્રીવત્સલખિતં ॥ છ ॥ છ ॥ છ ॥ શ્રી ॥ છ ॥ સંવત ૧૫૩૫ વર્ષે દ્વિતીયશ્રાવણે સુદિ પંચમી ગુરુવાસરે ઈંદ્રીગ્રામે ઊકેશ ગચ્છે શ્રીસિદ્ધાચાર્યસંતાને ભ૦ શ્રીસિદ્ધસૂરિવિજયરાજ્યે પં. શ્રી જયરત્નાનામુપદેશેન લિખાપિતોયં વાગ્ભટાલંકાર બાલાવબોધઃ। છ ॥ ઓસવાલજ્ઞાતીય મં૦ તારા ભા૦ રમ્માઈ પુ૦ મં૦ જગાકેન પુ૦ પહિરાજયુતેન ભા૦ રંગૂશ્રેયસે ॥ શુભં ભૂયાત્ દાયિકવાચકયોઃ ॥ શ્રીરસ્તુ ॥

૮. ભક્તામરસ્તોત્ર બાલાવબોધ :

૪૪ કડીના માનતુંગસૂરિકૃત ભક્તામર મહાસ્તોત્ર પર ઉપાધ્યાય મેરુસુન્દરે બાલાવબોધની રચના કરી છે. આની પુણ્યવિજયજી આદિના સંગ્રહમાં મળતી પ્રત (ક્રમાંક – ૨૫૬૭) કુલ ૨૬ પત્ર ધરાવે છે. પ્રત્યેક પત્રમાં ૧૭ લીટી છે અને

પ્રતિની સ્થિતિ સારી છે. બાલાવબોધના આરંભમાં જ મેરુસુન્દર-સૂરિ કર્તા તરીકે પોતાના નામનો ઉલ્લેખ કરે છે.

આદિ – શ્રી વીતરાગાય નમઃ પ્રણમ્ય શ્રી મહાવીરં નત્વા ચ શ્રુતદેવતામ. શ્રી જિનચંદ્રસૂરીણુા પ્રસાદ્યાદેશમ્ ઉત્તમં. બાલલોક-પ્રતિબોધનાર્થં એષો અહં મેરુસુન્દરઃ, ભક્તામર મહાસ્તોત્રમ્ કરિષ્યે વાર્તયા મુદા.

અંત – અનેક પ્રંચવર્ણા પુષ્પ જાણિવા. અનઈ ભક્તિઈ કરી મઈ. શ્રી માનતુંગસૂરિ રહઈ લક્ષ્મી સયંવર વરઈ ૪૪. ઇતિશ્રી ભક્તામર સ્તોત્ર સમાપ્ત શ્રી.

આ બાલાવબોધનો રચનાસંવત મળતો નથી. ભક્તામર સ્તોત્ર ઘણું પ્રચલિત હોવાથી આ બાલાવબોધની ઘણી પ્રતિઓ મળે છે. શ્રી લા. દ. સંગ્રહમાં જ આની સાતેક પ્રતિ (ક્રમાંક – ૧૦૨, ૧૭૦૯, ૧૯૭૭/૧, ૨૦૨૨, ૩૯૭૭, ૪૨૯૩, ૫૦૯૯) મળે છે.

૯. ભાવારિવારણ-સ્તોત્ર બાલાવબોધ :

કેટલીક કૃતિનું નામ એના આરંભ પરથી હોય છે જેમ કે ઉવસગ્ગહરં સ્તોત્ર શ્રી પાર્શ્વનાથનું છે. પણ તે ઉવસગ્ગહરંને નામે પ્રસિદ્ધ છે તે જ રીતે મહાવીરની સ્તુતિ કરતું આ સ્તોત્ર એના આદિચરણ પરથી ભાવારિવારણ સ્તોત્ર કહેવાય છે. શ્રી લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરના લા. દ. સંગ્રહની (ક્રમાંક –૪૨૧૫) પ્રતમાં મૂળ સાથે બાલાવબોધ આપવામાં આવ્યો છે.

આદિ – શ્રી વર્ધમાનં પ્રણિપત્ય ભક્ત્યા સૂરીશ્વરશ્રી જિનવલ્લભસ્ય વિનિર્મિતં સ્તોત્રમહં પવિત્રં વ્યાખ્યામિ સુજ્ઞાનકૃતે વૃથાય ।૧। તથાહિ ॥

અંત – શ્રી રત્નમૂર્તિ ગણિ શિષ્યેણ વા૦ મેરુસુંદર ગણિના વિનિર્મિતા ટીકા ચિરં સાધુ વાચ્યમાન નંદ્યાત્. કરણૂ સ્થાનેનં. હીરકિર્તીગણિરલિખત.

૧૦. પંચનિર્ગ્રંથી-પ્રકરણ બાલાવબોધ :

અભયદેવસૂરિકૃત મૂળ પ્રાકૃત ગ્રંથ પર ઉપાધ્યાય મેરુસુંદરે લખેલા આ બાલાવબોધની રચના-સંવત મળતી નથી જ્યારે વિ. સં. ૧૬૧૨ની લેખન-સંવત ધરાવતી પ્રત મળે છે. મૂળ અને બાલાવબોધ બંનેના કુલ ગ્રંથાગ્ર ૫૦૦ છે અને આની એક પ્રત શ્રી લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરના શ્રી પુણ્યવિજયજી આદિસંગ્રહ(ક્રમાંક – ૫૬૦૧)માં મળે છે. ૧૧ પત્ર ધરાવતી આ પ્રતિની સ્થિતિ સારી છે અને એનો લેખન સંવત અનુમાને સોળમું શતક લાગે છે. એના આદિ અને અંત આ પ્રમાણે છે.

આદિ – નમિય સિરિ વદ્ધમાણમ્ ભવિય હિયટ્ઠા સમાસઓ કિંચિ વુચ્છામિ સરૂપમિણં પુલાયએ સુહાણુ સાહૂણં.

અંત – જિનચંદ્ર સૂરિ સુગુરોઃ ખરતર ગચ્છાધિપસ્ય શિષ્ય-શિશુઃ બાલાવબોધમેનં કૃત્વા નયતિ મેરુસુંદરસ્તુષ્ટયૈ, ઇતિશ્રી ખરતરગચ્છે શ્રી જિનભદ્રસૂરિ પટ્ટાલંકાર શ્રી જિનચંદ્રસૂરિ વિજયમાન શિષ્યાણુ વાચનાચાર્ય મેરુસુંદરગણિના પંચનિર્ગ્રંથ-સૂત્ર બાલાવબોધઃ કૃતઃ શ્રિયસ્તુઃ ગ્રંથાગ્ર ૫૦૦. શ્રીરસ્તુ.

૧૧. યોગશાસ્ત્ર બાલાવબોધ :

હેમચંદ્ર સૂરિના મૂળ સંસ્કૃત ગ્રંથ પર ૨૫૦૦ ગ્રંથાગ્રનો આ બાલાવબોધ છે. એનો રચના સંવત મળતો નથી. આની લેખન સંવત ૧૬૬૦ ધરાવની એક પ્રત શ્રી પુણ્યવિજયજી આદિના સંગ્રહમાં મળે છે. આ પ્રતનો ક્રમાંક ૮૯૫૫ છે. ૩૨ પત્ર ધરાવતી આ પ્રત ઉધઈથી ખવાયેલી જીર્ણપ્રાયઃ છે અને એનું લેખન

સ્થળ બુધીપુર છે. તેમ જ પૂર્ણિમા પક્ષીય મુનિ ગુણજીએ તે લખેલી છે. એનો આદિ અને અંત આ પ્રમાણે છે.

આદિ – સિદ્ધાર્થક્ષિતિપાલસૂનુમમલધ્યાનેન ગમ્યમ્ પરમ્. સર્વજ્ઞં સુરસિદ્ધસેવિતપદદ્વંદ્વં સુસિદ્ધિપ્રદમ્

અંત – ઈતિ પરમાર્હંત શ્રી કુમારપાલ ભૂપાલ શ્રૂશ્રૂષિતે આચાર્યશ્રી હેમચંદ્ર વિરચિતે અધ્યાત્મોપનિષન્ન નામની સંજાત પટ્ટબદ્ધે શ્રી યોગશાસ્ત્ર દ્વાદશ પ્રકાશે બાલાવબોધ સમાપ્તઃ સંવત ૧૬૬૦ વત્સરે અશ્વિન માસે દીપોત્સવ દિને શ્રી પૂર્ણિમાપક્ષીય મુનિ ગુણજીકેન લિખીકૃતં બુધીપુર મધ્યે શ્રીરસ્તુ.

૧૨. વિદગ્ધમુખમંડન બાલાવબોધ :

ધર્મદાસગણિકૃત અલંકારગ્રંથ વિદગ્ધમુખમંડન પર મેરુસુંદરે બાલાવબોધની રચના કરી છે. ઉપાધ્યાય મેરુસુંદરે પોતાના શિષ્યોને કાવ્ય અને અલંકારની સમજ આપવા માટે રચના કરી હોય તે સંભવિત છે. આ બાલાવબોધના આરંભે ગુરુનો આદેશ પ્રાપ્ત કરીને પોતે એની રચના કરી એમ મેરુસુંદર ઉપાધ્યાય કહે છે. વાગ્ભટ્ટાલંકારના બાલાવબોધની માફક વિદગ્ધમુખમંડન બાલાવબોધ પણ સંસ્કૃત અલંકારગ્રંથ પર રચાયેલો બાલાવબોધ છે. મેરુસુંદરે જૈન કૃતિઓ પર બાલાવબોધ લખ્યા છે પણ એની સાથોસાથ આવી જૈનેતર કૃતિઓ પર પણ બાલાવબોધની રચના કરી છે. આનો રચના સંવત મળતો નથી તેમ જ આ કૃતિ અમુદ્રિત છે.

આદિ –

તસ્મિન્ વરાઃ શ્રીજિનભદ્રસૂરયઃ સિદ્ધાન્તવારાંનિધિપૂર્ણચન્દ્રાઃ ।
સરોષકન્દર્પવિમુક્તતીક્ષ્ણબાણાવલીગર્વહરા બભૂવુઃ ॥ ૩ ॥
તેષાં મહાનન્દજુષાં ગુરૂણાં વિશિષ્ટપટ્ટે જયિનસ્તુ સન્તિ ।
સરસ્વતીદત્તવરા અનેકશિષ્યાશ્રિતાઃ શ્રીજિનચન્દ્રસૂરયઃ ॥ ૪ ॥

સંપ્રાપ્ય સિદ્ધિકારણમાદેશં મેરુસુન્દરસ્તેષામ્ ।
કુર્વે બાલકબોધં વિદગ્ધમુખમંડનસ્ય ॥ ૫ ॥

શાસ્ત્રારમ્ભે શાસ્ત્રકારો વિશિષ્ટેષ્ટદેવતા નમસ્કારલક્ષણં મઙ્ગલાચરણં કરોતિ। ઇહ તુ ધર્મદાસગણિઃ વિશિષ્ટેષ્ટદેવં શૌદ્ધોદનિં સ્તુવત્ વક્તિ। તસ્યાયમાદિ શ્લોકઃ।

અંત – પૂર્ણચન્દ્રેત્યાદિ। નિર્મલાંબરા કામિની કસ્ય સ્વાંતં મનઃ એકાન્તમદનોત્તરં ન કરોતિ। અપિ તુ સર્વસ્યાપિ કરોતિ। નિર્મલ અંબર વસ્ત્ર ઈસી કામિની સ્ત્રી કહિંનૂં સ્વાંત મન એકાંતિ મદનોત્તર મદનાધિક્ય ન કરઈ। અપિ તુ સવિહુનૂં કરઈ। કીદશી। પૂર્ણચંદ્રમુખી। પૂર્ણિમાના ચંદ્રમાવત્ મુખ છઇ ! રમ્યા મનોહરા દ્વિ૦ યામિની રાત્રિઃ કસ્ય સ્વાન્તં એકાન્તમદનોત્તરં ન કરોતિ। અપિ તુ સર્વસ્યાપિ કરોતિ! કીદશી। પૂર્ણચન્દ્રમુખી। સંપૂર્ણચંદ્ર જિ ભણિત મુખ છઈ। રમ્યા રમણીયા નિર્મલાંબરા। નિર્મલ અંબર આકાશ છઇ ॥ છ ॥ ૭૦ ચ્યુતદત્તાક્ષરજાતિ ॥ છ ॥

ઇતિ શ્રીધર્મદાસવિરચિતવિદગ્ધમુખમંડનકાવ્યસ્ય વૃત્તિરિયં સમાપ્તા। ગ્રંથાગ્રં ૧૪૫૪ સંવત ૧૬૭૨ વર્ષે।

આ ઉપરાંત ઉપાધ્યાય મેરુસુંદરે ૧૧૭૬ ગ્રંથાગ્રનો 'વૃત્તરત્નાકર બાલાવબોધ', 'ઉપદેશમાલા બાલાવબોધ' તેમ જ 'કલ્પ–પ્રકરણ બાલાવબોધ'ની રચના કરી છે. નંદિષેણકૃત મૂળ સંસ્કૃત સ્તવન પર ઉપાધ્યાય મેરુસુંદરે લખેલા અજિતશાંતિસ્તવન બાલાવબોધ વિશે વિચારીએ.

અજિતશાંતિસ્તવનની વિશેષતા એ છે કે એના રચયિતા નંદિષેણ ઘણા પ્રાચીનકાળમાં થઈ ગયા. એક દંતકથા તો એવી છે કે તેઓ ભગવાન મહાવીરના શિષ્ય હતા. અજિત-શાંતિસ્તવનની વિશેષતા એ છે કે આમાં બે તીર્થંકરોની યુગલરૂપે કરાયેલી સ્તુતિ છે. અજિતનાથ અને શાંતિનાથ એ બે-

તીર્થંકરોની આવી સ્તુતિ ક્યાંક જ મળે છે. એનું ભાવનિરૂપણ પ્રવાહી હોવાની સાથે એમાં ચિત્રબંધોની ચમત્કૃતિ પણ મળે છે. આ સ્તુતિ સોળ ખંડમાં વહેંચાયેલી છે. પ્રથમ ત્રણ ગાથામાં મંગલ પ્રારંભ કરવામાં આવ્યો છે અને છેલ્લી ત્રણ ગાથાથી સમાપન કર્યું છે. સ્તુતિના પ્રારંભે અને અંતે શ્રી અજિતનાથ અને શ્રી શાંતિનાથની સંયુક્ત સ્તુતિ છે. જ્યારે આ સ્તુતિની વચ્ચેની સ્તુતિમાં પ્રથમ શ્રી અજિતનાથ અને પછી શ્રી શાંતિનાથની સ્તુતિનો ક્રમ જાળવ્યો છે.

નંદિષેણરચિત અજિતશાંતિસ્તવનની વિશેષતા એ છે કે એના દ્વારા પ્રાકૃત છંદોનો પરિચય મળે છે. નંદિષેણે એક એક પદ્યમાં છંદ બદલ્યો છે અને તેથી આ સ્તવનમાં નીચે મુજબના ૨૮ છંદો પ્રયોજાયેલા છે:

પ્રાકૃત છંદ	સંસ્કૃત નામ
ગાહા	ગાથા–આર્યા
સિલોગો	શ્લોકઃ
માગહિઆ	માગધિકા
આલિંગણયં	આલિઙ્ગનકમ્
સંગયયં	સઙ્ગતકમ્
સોવાણયં	સોપાનકમ્
વેડ્ઢઓ – વેઢો	વેષ્ટકઃ
રાસાલુદ્ધઓ	રાસાલુબ્ધકઃ
રાસાણંદિયયં	રાસાનન્દિતકમ્
ચિત્તલેહા	ચિત્રલેખા
નારાયઓ	નારાચકઃ
કુસુમલયા	કુસુમલતા
ભુઅગપરિરિંગિયં	ભુજગપરિરિઙ્ગિતમ્
ખિજ્જિયયં	ખિદ્યતકમ્

લલિયયં	લલિતકમ્
કિસલયમાલા	કિસલયમાલા
સુમુહં	સુમુખમ્
વિજ્જુવિલસિયં	વિદ્યુદ્વિલસિતમ્
રયણમાલા	રત્નમાલા
ખિત્તયં	ક્ષિપ્તકમ્
દીવયં	દીપકમ્
ચિત્તકખરા	ચિત્રાક્ષરા
નંદિયયં	નન્દિતકમ્
....	માઙ્ગલિકા
ભાસુરયં	ભાસુરકમ્
લલિયયં	લલિતકમ્
વાણુવાસિઆ	વાનવાસિકા
અપરાંતિઆ	અપરાન્તિકા

આ સ્તવન પર શ્રી ગોવિંદાચાર્યે, શ્રી જિનપ્રભસૂરિએ, નાગપુરીય તપાગચ્છના શ્રી હર્ષકીર્તિસૂરિએ તથા ઉપાધ્યાય શ્રી સમયસુંદરગણિએ ટીકાઓ રચેલી છે. આ સ્તવનના અનુકરણ રૂપે પણ બીજાં સ્તવનો રચાયાં છે. આવાં સ્તવન પર ઉપાધ્યાય મેરુસુંદરનો બાલાવબોધ ગુજરાતી ગદ્યની દૃષ્ટિએ નોંધપાત્ર બની રહે છે.

મેરુસુંદર ઉપાધ્યાયના આ બાલાવબોધમાં જુદી જુદી કથાઓ ગૂંથી લેવામાં આવી છે. મગધ દેશના ચંદન શ્રેષ્ઠિની કથા અને પૂર્ણ શ્રેષ્ઠિની કથા મળે છે. વેશ્યાને ત્યાં જઈ પાછા આવેલા સ્થૂલિભદ્રનું ઉદાહરણ અને ભક્તામર સ્તવનથી ૪૪ બેડીઓ તૂટયાનું પણ ઉદાહરણ આપે છે. આ જ રીતે સહસ્રમલ્લનું દૃષ્ટાંત અને કેશવ બ્રાહ્મણનું પણ દૃષ્ટાંત આપ્યું છે. આ કૃતિમાં

કથાઓના ગદ્યમાં લાઘવ મળે છે. વળી સંસ્કૃત કે પ્રાકૃત પરંપરા મુજબ કથા આલેખન થવાને બદલે ગુજરાતી ગદ્યમાં એનું આગવું આલેખન થયું છે, વળી બાલજનો માટે આ હોવાથી એની ભાષા બોલચાલની ભાષાથી વધુ નિકટ છે. આથી જ ભાષામાં એક પ્રકારની સરળતા અને સ્પષ્ટતા છે. આમ ગુજરાતી ગદ્યના આરંભકાળનું આ ગદ્ય પોતીકી પ્રભા ધરાવે છે.

□

પ્રતપરિચય

અજિતશાંતિજિન સ્તવનના બાલાવબોધની બે હસ્તપ્રતોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

અ પ્રત શ્રી લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરની કાગળની પ્રતિ નં. ૨૨૦૪૦. પત્ર ૧૩.

પત્ર–૧ બાજુ ब થી શરૂ થાય છે અને પત્ર–૧૩ બાજુ अ પર પૂરું થાય છે. માપ – ૧૧·૫″ × ૪·૮″ (૨૯ × ૧૨ સે. મી.) પ્રતિ પૃષ્ઠ પંક્તિ – ૧૩, પ્રતિ પંક્તિ અક્ષર – ૫૫ લગભગ. સ્થિતિ – સારી. લેખન સમય – વિ. સં. ૧૬૦૩. આદિ – ૐ નમો સારસ્વતૈય થી પણિવયામિ સુધી. અંત–ઈતિશ્રી....કલ્યાણમસ્તુ.

આ પ્રત – શ્રી લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર અમદાવાદના સંગ્રહની કાગળની પ્રત નં. ૨૨૧૨૭ પત્ર–૧૦ માપ–૧૦·૩″ × ૪·૫″ (૨૬ × ૧૧·૫ સે. મી.). પ્રતિ પૃષ્ઠ પંક્તિ – ૧૮, પ્રતિ પંક્તિ અક્ષર – ૪૫. સ્થિતિ – સારી. લેખનસમય – વિક્રમની ૧૭મી સદી અનુમાને.

આદિ – ૐ નમસ્કૃત્ય મયોચ્યતે
અંત – ઇતિશ્રી અજિતશાંતિજિન સ્તવન .... બાલાવબોધ સમાપ્તં ગ્રંથાગ્ર – ૪૫૧ શ્લોક.

પ્રતિનો લેખન–સંવત, લેખનસ્થળ કે લહિયાનું નામ મળતું નથી.

□

વાચક મેરુસુંદર ગણિ વિરચિત
શ્રી અજિતશાંતિ–સ્તવન બાલાવબોધ

॥ ॐ नमः सरस्वत्यै: ॥

नमस्कृत्य जिनं शांतिं स्वगुरूं च सरस्वतीं ।
वार्त्ताभिरजितशांतेः स्तवस्यार्थो मयोच्यते ॥ १ ॥

अजियं जिय-सव्व-भयं, संतिं च पसंत-सव्व-गय-पावं ।
जयगुरू संति-गुणकरे, दो वि जिणवरे पणिवयामि ॥ १ ॥
—गाहा ॥

અજિયં૦ અજિત-નામા બીજઉ તીર્થંકર, તે કિસિઉ છઈ? **જિય-સવ્વ-ભયં**-જિય કહીયઈ જીતા, સર્વ કહતા સઘલાઈ ભય છઈ. તે કેહા?

इह-पर-लोयाऽऽदाणमकम्मा-आजीव-मरणमसलोए ।
ए ए सत्त-भयाइं पन्नत्ता वीयरागर्हि ॥ १ ॥

એ સાત ભય જીતા, અનઈ શાંતિનાથ પાંચમઉ ચક્રવર્ત્તિ, સોલમઉ તીર્થંકર. તે કિસિઉ છઈ? **પસંત-સવ્વ-ગય-પાવં.** પસંતકહીયઈ ઉપશમ્યા, ક્ષય ગયાં, સર્વ = સગલાઈ, ગય કહીયઈ રોગ અનઈ પાવ = પાપ છઈ જેહનાં; અથવા ઉપશમ્યા, ગયાં સર્વ પાપ = અશુભ કર્મ જેહનાં. અજિતનઈ શાંતિ બેહૂ દેવ કેહવા છઈ? **જયગુરુ સંતિ-ગુણકરે.** જય કહીયઈ જગરહિં, ગુરુ = ગુરુઈ, જે છઈ શાંતિ તેહરૂપ જે ગુણ, તેહના કરણહાર. **દો વિ જિણવરે૦ દો વિ** કહીઈ બેવઈ જિનવર અજિત-શાંતિ, **પણવયામિ**=નમસ્કરઉં. (૧).

ववगय-मंगुल-भावे, ते हं विउल-तव निम्मल-सहावे ।
निरुवम-महप्पभावे, थोसामि सुदिट्ठ-सब्भावे ॥ २ ॥
—गाहा ॥

વવગય = કહીયઇં ગયઉં, **મંગુલ** = કહતાં વિરુઅઉ ભાવ, અશોભન. **ભાવ** = અભિપ્રાય છઇં જેહનઉ તે શ્રી અજિત-શાંતિ. **અહં** = હઉં = નંદિષેણુ કવિ, **તવ૦** = તપ બાર ભેદે-૬ બાહ્ય, ૬ અભ્યંતર, એહવઉ **વિઉલ** કહીઇં વિસ્તીર્ણ જે છઈ તપ, તીણઈ કરી નિમ્મર્લઉ સ્વભાવ [1]છઇં જેહનઉ. વલી **નિરુવમ** = ઉપમારહિત મહા મોટઉ પ્રભાવ મહિમા છઈ જેહનઉં. **થોસામિ** = સ્તવિસુ. **સુદિટ્ઠ** = કેવલજ્ઞાનિઇં[2] કરી સાચા દીઠા. સત્[3] કહીયઈ છતાં[4], ભાવ = જીવાજીવાદિ પદાર્થ જેહે....(૨).

सव्व-दुक्ख-प्पसंतीण, सव्व-पाव-प्पसंतीणं ।
सया अजिय-संतीणं, नमो अजिय संतीणं ॥ ३ ॥
– सिलोगो ॥

સવ્વ = સગલાઈ[6] વિદ્યમાન કર્મ થકી ઊપનાં જે દુખ, તેહની **પસંતિ** કહીયઈ[7] ક્ષય છઈ જેહ-૨(ન)ઈં. વલી સઘલાઈ જે છઈ પાપ તેહની પ્રશાંતિ = ક્ષય છઈ જેહનઈ. **સયા** = સદૈવ, **અજિય-સંતીણં** = અજિત - શાંતિ-પ્રતઈ,[8] **નમો** = નમસ્કાર હઉ[9]. **અજિત** કહીયઈ રાગાદિકે નથી જીતાં, **સંતિ** કહીયઈ[10] ક્ષમા છઈં જેહનઈં ઉપશમ-રૂપ. (૩)

अजिअजिण ! सुह-प्पवत्तणं तव पुरिसुत्तम ! नाम-कित्तणं ।
तह य धिइ-मइ-प्पवत्तणं, तव य जिणुत्तम ! संति ।
कित्तण ॥ ४ ॥
— मागहिआ ॥

હે[11] અજિતજિન ! **સુહ** = સ્વર્ગ મનુષ્ય - લક્ષણુ સુખ, તેહનઉં **પવત્તણ** = કરણહાર, **તવ પુરિસુત્તમ** = પુરુષમાહિ ઉત્તમ છઇં, **તવ** = તાહરા નામનઉં કહિવઉં. **તહ ય** = તથા

---

૧. છઈ વલી આ૦ ૨. જ્ઞાનિં આ૦ ૩ સતા આ૦
૪. છતી આ૦ ૫. સર્વ આ૦ ૬. સઘલાઈ આ૦
૭. કહીઇં આ૦ ૮. પ્રતિઈ આ૦ ૯. હુ આ૦
૧૦. કહીઈ આ૦ ૧૧. જે આ૦

અપરતિમ ધૃતિ, સમાધિ, **મઈ** = મતિ, તેહનઉં **પવત્તણુ** = કરણહાર. **તવ ય** = તાહરઉં[1], **જિણુત્તમ** = જિનમાંહિ મૂલગઉં, હે શાંતિનાથ! **કિત્તણુ** = નામનઉં કહિવઉં. (૪)

किरिआ-विहि-संचिय-कम्म-किलेस-विमुक्खयर.[2]
अजियं[3] निचियं च गुणेहिँ महामुणि सिद्धिगयं ।
अजियस्स य संतिमहामुणिणो वि य संतिकरं.
सययं मम निव्वुइ-कारणयं च नमंसणयं ॥ ५ ॥
—आलिंगणयं ॥

કિરિયા૦ [4]કાઈયાહિગરણીયા ઈત્યાદિ ૨૫ ક્રિયા. તેહની વિધિ ભેદિઇં[5] કરી સાંચિઉં ઉપાર્જિઉં જે કર્મ, જ્ઞાનાવરણાદિ ૮ ભેદે; અનઈ **કિલેસ** કહીયઈ કષાય, તેહનઉ **વિમોક્ષ** = મેલ્હાવણહાર છઇ. **અજિયં** = અજિતસ્વામિ જિન અથવા **અજિયં** = પરદર્શની દેવ વાંદિવાને પુણ્યે જીતઉ નથી, ઈશ્વરાદિક દેવ વાંદિવાના પુણ્યતઉ અધિક ફલ દિયઈ[6]. **નિચિયં**[7]. **ચ** કહીયઈ વ્યાપિઉ છઈ, કિસ્યઇં[8] **ગુણેહિં** ? સમ્યગ્-દર્શન-જ્ઞાન-ચારિત્રાદિક ગુણે કરી, **મહા-મુણિ** = મોટા ઋષિ, તેહની અણિમાદિકા સિદ્ધિ, તિહાં ગય કહીયઇં પહુતઉ છઇ. **અજિયસ્સ ય** = અજિતનાથ અનઈ, **સંતિ** કહીયઇ શાંતિનાથ. તે કિસ્યઉ[9] છઈ? **મહા-મુણિણો** = મહા-જ્ઞાની; તેહનઈ શાંતિનઉં કરણહાર **સયયં** = સદૈવ, **મમ** = [10]મુઝરહિં, નિવૃત્તિ = મુક્તિ, તેહનઉં કારણ હૂઉ, **નમંસણયં** = નમસ્કરિવઉં. (૫)

पुरिसा ! जइ दुक्ख-वारणं, जइ य विमग्गह सुक्ख-कारणं ।
अजियं संतिं च भावओ. अभयकरे सरणंपवज्जहा ॥ ६ ॥
— मागहिआ ॥

---

૧. માહરઉ આ૦ ૨. વિમુખમયં આ૦ ૩. નિયયં આ૦
૪. કાઇઆ અદિગરણીયા આ૦ ૫. ભેદઈ આ૦ ૬. દિઇ આ૦
૭. નિચિયિં આ૦ ૮. કિસેઇ આ૦ ૯. કિસિઉ આ૦ ૧૦. મઝરહિ આ૦

હે પુરુષો ![1] જઈ તુમ્હે દુક્ખનું **વારણુ** = વારિવઉં વાંછઉં, અનઈ જઈ કિમ-ઈ સૌખ્ય નઉ કારણ માંગઉં = વાંછઉ, તઉ શ્રી અજિતનાથ અનઈં શ્રી શાંતિનાથ [2] **ભાવઓ** = ભાવઈતઉ, **અભયકરે** = નિર્ભયપણાનાં કરણહાર, **સરણું** = સરણિ, પડિવજઉ (૬) (માગધિકા છંદ).

બેહુ દેવ એકઠા સ્તવી હિવ એકેકઉં દેવ જૂજૂઅઉ[3] સ્તવઈ-

अरइ-रइ-तिमिर-विरहियमुवरय-जर-मरण,
सुर-असुर-गरुल-भुयगवइ-पयय-पणिवइयं ।
अजियमहमवि य सुनय-नय-निउणमभयकरं,
सरणमुवसरिय भुवि-दिविज-महियं सययमुवणमे ॥७॥

— संगययं

અરઈ = સંયમનઈ વિષઈ અરતિ, **રઈ** કહીયઈ અસંયમનઈ વિષઈ રતિ, સમાધિ; **તિમિર** = અજ્ઞાનતા, તીણઈં વિરહિત છઈ. **મુવરઈ** કહીઈ ઉડુટિઉં, ગયઉં જરા-મરણ જેહનઈં, **સુર** = દેવ, **અસુર** = ભૂવનપતિ, **ગરુલ** = સુવર્ણકુમાર, **ભુયગ** = નાગકુમાર, તેહના પતિ ઇંદ્ર, તેહે **પણિવઇઅં** = નમસ્કરિઉ છઈ; **અજિયં** = અજિતનાથ, **અહમવિય** = હૂં પણિ, નમસ્કરઉં. **સુનય** = અનેકાંતરૂપ નય, નૈગમાદિક; તેહનઈ વિષઈં નિપુણ = ડાહઉ છઈ. **વલી અભયકરં** = નિર્ભયપણાનઉં કરણહાર. [4] **સરણુમુવસરિઅ** = શરણિ, આશ્રઈ; **ભુવિજ** = મનુષ્ય, **દિવિજ** = દેવ, તેહે **મહિત** = પૂજિઉ છઈ. **સયયં** = નિરંતર, ઉપનમે[5] = હઉં નમસ્કઉં (૭) (સંગતક છંદ)

द्वितीयमुक्तकेन श्रीशान्तिनाथ-स्तुतिमाह-
तं च जिणुत्तममुत्तम-नित्तम-सत्त-धरं,
अज्जव-मद्दव-खंति-विमुत्ति-समाहि-निहिं ।
संतिकरं पणमामि दमुत्तम-तित्थयरं,
संतिमुणी ! मम संति-समाहि-वरं दिसउ ॥ ८ ॥

—सोवाणयं ॥

---

૧. જય આ૦ ૨. ભાવઈ તઉ આ૦ ૩. જૂજૂઉ આ૦
૪. સરણુનવસરિય આ૦ ૫. ઉપને આ૦

તં ચ = તે સ્વામી, **જિણુત્તમ** = જિન માંહિ પ્રસિદ્ધ, તીર્થંકર **ઉત્તમ** = પ્રધાન. **નિત્તમ** = અજ્ઞાનરહિત, **સત્તધર** = સત્વ ધરઈ[1] છઈ.

અજ્જવ = નિર્માયપણઉં, **મદ્દવ** = નિરહંકારતા, **ખંતિ** = ક્ષમા, **વિમુત્તિ** = નિર્લોભતા, **સમાહિ** = સમાધિ, તેહનું નિધાન. વલી શાંતિનઉં કરણહાર, તેહનઈ **પણમામિ** = નમસ્કરઉં. **દમ** = ઈંદ્રિયનઉ જય, તીણઈ **ઉત્તમ** = પ્રધાન, તીર્થંકર શાંતિનાથ, મુણી કહીયઈ[2] **સર્વજ્ઞ.** તે [3]મુજનઇ શાંતિ અનઈ સમાધિ એહ જિ વર વાંછિત[4] દિઉ (૮) (સોપાનક છંદ).

सावत्थि-पुव्व-पत्थिवँ च वरहत्थि-मत्थय-पसत्थ-
वित्थिन्न[5]-संथियं थिर-सरिच्छ-वच्छ,
मयगल[6]-लीलायमाण-वरगंधहत्थि-पत्थाण-पत्थियं-संथवारिहं।
हत्थि-हत्थ बाहुं धंत-कणग-रुअग-निरुवहय-पिंजरं
पवर-लक्खणोवचिय[7]-सोम-चारु-रूवं.
सुइ-सुह-मणाभिराम-परम रमणिज्ज-वर देवदुंदुहि-
निनाय महुरयर-सुहगिरं[8] ॥ ९ ॥ —वेड्ढओ (वेढो) ॥

સાવત્થિ૦ શ્રાવસ્તી = અયોધ્યાનગરીયઇ, **પૂર્વ** = પહિલઉં, પાર્થિવ = રાજા. તે કેહવઉં ? **વર** = પ્રધાન જે વનહસ્તી, તેહનઉં જેહવઉં મસ્તક, તેહની પરઇં **પસત્થ** = પ્રધાન, **વિત્થિન્ન** = વિસ્તીર્ણ, વિશાલ; **સંઘિયં** = શુભ સંસ્થાન જેહનઉં; વલી **થિર** = કઠિન, [9]**સારિચ્છ** = સરીખઉં, **વચ્છ** = હૃદય છઈ

---

૧. સત્વધર આ૦ ૨. કહીઇ આ૦ ૩. મઝનઈં આ૦
૪. વાંછિઉ આ૦ ૫. વિચ્છન્નસંથિય અ૦ ૬. લીજ્જેયમાણ આ૦
૭. ૦ણોવચયં આ૦ ૮. ૦ગિરિ આ૦ ૯. સરિચ્છ આ૦

જેહનઉં. વલી **મયગલ** = મયવંત, **લીલાયમાણ** = લીલા કરતઉં, **વર** = પ્રધાન, **ગંધહત્થિ** = ગંધહસ્તી, તેહની [1]પરઈં, **પત્થાણ** કહીયઈં ગતિ, તીણઈં કરી; **પત્થિયં** = જેહનઉં ચાલિવઉં. **સંથવા०** = વર્ણવિવઉં તેહનઈં, **અર્હં** = યોગ્ય, **હત્થિ** = હસ્તીની **હત્થ** = સૂંડિ. તેહની [1]પરઈં **સરલ** પ્રલંબ બાહુ છઈં જેહની. **ધંત** = ધમિઉં, **કણગ** = [2]સુવર્ણ, તેહનઉં **રુયગં** = આભરણ-વિશેષ તેહની [1]પરઈં, **નિરુવહય** = નિઃકલંક, **પિંજર** = પીત-વર્ણ છઇં; **પવરલક્ખણોવચિયં०** **પ્રવર** = પ્રધાન, ચક્ર-અંકુશાદિ લક્ષણે કરી સહિત, **સોમ** = સૌમ્યાકાર, ચારુ = પ્રધાન-રૂપ છઈં જેહનઉં. વલી **સુઈ** = શ્રુતિ, કાન. તેહ-રહિં **સુહ** = સુખની કરણહારિ, **મણાભિરામ** = મન-રહિં ગમતી, **પરમ-રમણિજ્જ** = અતિ હિ રમણીક, **વર** = **પ્રધાન** જે દેવ-દુંદુભી તેહનઉં **નિનાય** = નિનાદ, તેહઈતઉ[3] અતિ મધુર શુભ કલ્યાણની કરણહારિ **ગિરા** = વાણી છઈં જેહની (૯).

अजियं जियारिगणं, जिय-सव्व-भयं भवोह-रिउं ।
पणमामि अहं पयओ, पावं पसमेउ मे भयवं ॥ १० ॥
—रासालुद्धओ ॥

અજિયં० અજિતનાથ. કિસ્યઉ છઈ? **જિય** = જીતા, અરિ = રાગાદિકના ગણ = સમૂહ. **જિય** = જીતા સર્વ ભય છઈં. **ભવોહરિઉં०** **ભવ** = સંસાર-સમૂહનઉ, **રિપુ** = વયરી, તેહનઈં હૂં [4]પ્રણમઉં. **પયઉં** = પ્રયત્નઈતઉ[5] અનઈં તે સ્વામી **પાપ** = અશુભ કર્મ રૂપ, માહરઈં કારણિ સ્તવતાં ઉપશમાવઉ. **ભયવં** = ભગવંત[6], સમગ્ર ઐશ્વર્યાદિમંત (૧૦) (રાસાલુબ્ધકછંદ).

कुरु-जणवय[7]-हत्थिणाउर-नरीसरो य[8]पढमंतओ महा-
चक्कवट्टि-भोए महप्पभावो,

---

૧. પરિઈં આ૦ ૨. સઉવર્ણ આ૦ ૩. તેહઈતુ આ૦
૪. પણમઉં આ૦ ૫. પ્રયનયતનઈતુ આ૦ ૬. ભગવાન આ૦
૭. ૦જણવય આ૦ ૮. નીસરણ આ૦

जो बावत्तरि·पुरवर·सहस्स·वर·नगर निगम[1]·जणवयवई बत्तीसा[2] रायवर सहस्साणुयायमग्गो ।

चउदस[3] वररयण·नव·महानिहि·चउसट्ठि·सहस्स·पवर·जुवईण सुंदरवई,

चुलसी·हय·गय·रह·सयसहस्स·सामी[4] छन्नवइ·[5]गाम·कोडिसामि य आसी जो भारहंमि भयवं ॥ ११ ॥

—वेड्ढओ (वेढो) ॥

કુરુજણવયo કુરુ એહવઈ નામિ જનપદ = દેસ. હત્થિણાઉરo = હસ્તિનાગપુર–નગર. તિહાં નરેશ્વર = રાજા હૂઉ[6] પહિલું તઉ મહા, તિવાર–પછઈ[7] મહા–ચક્રવર્તિ ષટ્–ખંડ ભરતનઉ નાયક હુઈ; તેહના ભોગ ભોગવ્યા જિણઈ.[8] મહપ્પભાવો = મહાંત જેહનઉં પ્રભાવ, મહિમા. જો બાવત્તરિo = જે બહુત્તરિ સહસ્ર પાટણ–વર–નગર–નિગમ. નગર સ્યું [9]કહીયઈ? જિહાં કર નહી, નિગમ કેહાં? જિહાં મોટા વણિગ વ્યવસાય કરઈ રહઈ. જણવય = જનપદ દેશ પ્રધાન જાણિવા. તેહનઉ અધિપતિ = સ્વામી, બત્તીસા રાયવર = બત્રીસ સહસ [10]રાજવરે, મુકુટબદ્ધ તીણે, બત્રીસ સહસ્ર દેશને નાયકે, ચક્રવર્તિ કેડઈ અનુયાત–માર્ગ છઈ. ચઉદસ વરરયણo ચઊદ મહારત્ન, તે કેહાં? ચક્ર ૧, છત્ર ૨, દંડરત્ન ૩, [11]ચમ્મર્રત્ન ૪, ખડ્ગ ૫, કાગિણીરત્ન ૬, મણિરત્ન ૭–એ સાત[12] એકેંદ્રી. પુરોહિત ૧, ગજ ૨, અશ્વ ૩, સેનાપતિ ૪, ગૃહપતિ ૫, વાર્ધિક ૬, સ્ત્રી–રત્ન ૭–એ સાત[12] પંચેંદ્રી–નવ મહાનિહિo

---

૧. નઈગમ આo ૨. બત્તીસા રાયવર આo ૩. ચોદસ આo
૪. ગામી આo ૫. છન્નઉઈ આo ૬. હૂઉ આo
૭. પછી ચક્રવર્તિ આo ૮. જિણિ આo ૯. કહીઇ આo
૧૦. રાજા વર મુગટ બંધ આo ૧૧. ચમર આo ૧૨. સાતઈ આo

महापद्म श्च पद्मश्च शंखो मकर कच्छपो ।
मुकुंद - कुंद (नंद) - नीलश्च खर्वश्च (खर्वाश्च) निधयो नव ॥

એ મહાંત નવનિધાન અખૂટ છઇં ચઉસટ્ઠિ-સહસ્ર **વર =** પ્રધાન યુવતી સ્ત્રી તેહનઉ ભર્ત્તાર નાયક છઇં, **ચુલસી** - ચઉરાસી લાખ ઘોડા, ચઉરાસી લાખ હાથી, ચઉરાસી લાખ રથ. તેહનઉ અધિપતિ સ્વામી **છન્નઈ ગામ૦** [1]બ્યા(?છ્યા)ણુવઇ કોડિ ગામનઉ સ્વામી **આસી!** હૂયઉ[2] જે ભરત-ક્ષેત્રિ, **ભયવં =** ભગવંત. (૧૧) (વેષ્ટ છંદ)

तं संतिं संतिकरं, संतिण्णं सव्वभया ।
संतिं थुणामि जिणं, संतिं (च) विहेउ मे ॥ १२ ॥
— रासाणंदियं ॥

તેહવઉ તે શાંતિનાથ, **વંદે** = વાંદઉં, શાંતિ કહીયઇ ઉપશમ, તેહમય **સંતિયરં** = શાંતિનઉ કરણહાર. **સંતિન્નં-સવ્વ-ભયા** = મરણાદિક સર્વ ભઈતઉ,[3] **સંતિન્નં** = પારિ પહુતઉ છઈ. **સંતિં થુણામિ** = એહવઉં શાંતિનાથ સ્તવઉં; **જિણ** = તીર્થંકર, **સંતિં વિહેઉ** = શાંતિ નીપજાવઉ, **મે** = [4]મુઝરહિં, ભયવં = ભગવંત (૧૨) (રાસાનિં(નં)દિત છંદ).

इक्खाग । विदेह ! नरीसर । नर·वसहा । मुणि·वसहा ।
नव·सारय·ससि·सकलाणण । विगय तमा । विहुय रया[5] ।
अजि·उत्तम·तेअ । [गुणेहिं] महामुणि । अमिय बला ।
विउल·कुला ।
पणमामि ते भव·भय·मूरण । जग·सरणा ! मम सरणं ॥ १३ ॥
— चित्तलेहा ॥

ઈક્ખાગ કહીયઇ ઈક્ષ્વાક-વંસિ ઉપનઉ [6]**વિદેહ** = વિદેહ-દેશનઉ **નરેશ્વર** = રાજા[7], તેહનઉં સંબોધન = હે **નરવૃષભ** = નર માંહિ વૃષભ-સમાન, હે **મુનિવૃષભ** = મુનિ-માહિ એક, અદ્વિતીય,

---

૧. બાણુસઈ કોડિ **આ૦** ૨. હૂઉ **આ૦** ૩. ભઈતુ **આ૦**
૪. મઝરહિં **આ૦** ૫. ૦ રયામલા **આ૦**
૬. વિદેવ દેશનઉ **આ૦** ૭. રાજાઈ **આ૦**

બીજઉ નહીં. **નવસા૦** નવઉ ઊગિઉ **સારય** = શિરત્કાલનઉ જે શશિ = ચંદ્રમા, તેહની પરઇં[1] સકલ શોભાવંત [2]**આનન** = મુખ છઇ જેહનઉં, **વિગયતમા૦** વિગત = ગયઉ[3] જેહ-હૂંતઉં **તમ** = પાપ, **વિહૂય-રયા૦** વિધૂત = ફેડિઉ, **રય** = રજ, કર્મ જીણઇં, **અજિય** = હે અજિત! **ઉત્તમ** = પ્રધાન, **તેય** = તેજ છઇ [4]કિસઇં કરી? ગુણિઇં[5] કરી, **મહામુનિ**–મહા–તપસ્વી, એ **અમિય-બલા** = અપરમિત બલ છઇ જેહનઉં, **વિઉલ-કુલા૦** વિપુલ = વિસ્તીર્ણ કુલ–વંસ. **પણુમામિ ય તે૦** તુમ્હ એહવા-નઈ પ્રણમઉં. **ભવ૦** ભવનઉં ભય, તેહનઉં **મૂરણુ** કહીયઇ ચૂરણહાર. **જગસરણા૦** જગત્રય-નઈ શરણ = આધાર, **મમ સરણં૦** મુઝ. સ્તવણહાર નઇં; શરણ = આધાર, તૂંહ જિ વર્તઇં.

(૧૩) (ચિત્રલેખા છંદ)

देव दाणविंद-चंद-सुर-वंद ! हट्ठतुट्ठ ! जिट्ठ ! परम-लट्ठ-रूव !
धंत-रूप्प-पट्ट-सेय-सुद्ध-निद्ध-धवल-दंत-पंति ! ।
संति ! सत्ति-कित्ति (दित्ति)-मुत्ति-जुत्ति-गवर !
दित्त-तेअ-वंद-धेय !
सव्व-लोअ-भाविय-प्पभाव ! णेय ! पइस मे समाहिं[6] ॥ १४ ॥
—नारायओ[7] (१) ॥

દેવ૦ સુર, **દાનવ** = અસુર, તેહના ઇંદ્ર અનઇ[8] ચંદ્રમા-સૂર્ય, તેહે વંદ્યમાન જેહના પગ, **હટ્ઠ** કહિયઇ[9] આરોગ્ય **તુટ્ઠ** = પ્રમોદવંત, **જિટ્ઠ** = પ્રશંસાયોગ્ય. **પરમ – લટ્ઠ–રૂવ૦** અતિ પ્રધાન રૂપ, **ધંત** = ધમ્યા રૂપાનઉં પાટઉં, તેહની પરઇં **સેય** પ્રધાન. **સુદ્ધ** = નિર્મલ, **નિદ્ધ** = સ્નિગ્ધ[10] **ધવલ** =

---

૧. પરિ આ૦ ૨. અનંત મઉરવ છઈ આ૦ ૩. ગઉં આ૦ ૪. કિસિઇં આ૦ ૫. ગુણિ આ૦ ૬. સમાહિણો આ૦ ૭. નારાઇઓ આ૦ ૮. ચિંદ્રમા નઈ સૂર્ય આ૦ ૯. કહીઇ આ૦ ૧૦. શ્રિગ્ધ અ૦

ઉજ્વલ દંતની પંક્તિ છઇં જેહનઇં, તેહનઇં આમંત્રણ. **સંતિ૦** હે શાંતિનાથ. એહ નામ કિમ હૂયઉ? હસ્તિનાગપુરીયઇં મરુકોપદ્રવ ઊપનઇં અચિરા દેવીની કુખિ વર્ત્તમાનિ નગરની શાંતિ – ભણી ગઢની ફિરણીયઇં[1] માતા ફિરી. તિણિ કીધઇં નગર–શાંતિ ઊપની. તેહ – ભણી શાંતિ એ નામ દીધઉં. એ સંતિનઉ અર્થ. **સત્તિ૦** સક્તિ = પરાક્રમ. સર્વ દેવ એકત્ર મિલઈ તઉહી પરમેશ્વરની[2] ચેટાંગુલી પગની ચલાવી ન સકઇં; અથવા મેરુ ચેટાંગુલીયઇં[3] કરી ઊપાડઇં. **કિત્તિ૦** કીર્ત્તિ આસમુદ્રાંત જેહની, **મુત્તિ૦** મુક્તિ નિર્લોભતા, **જુત્તિ૦** યુક્તિ = ન્યાયપણઉં. ગુપ્તિ–ત્રિણિ, તીણે કરી **પવર** = પ્રધાન, દીપતઉં તેજ જેહનઉં. વલી પરમેશ્વર કહેવઉ? **વંદધેય૦** વંદ્ય સુરેંદ્રાદિકે, ધ્યેય = ગણધરાદિકે સ્મરણીય છઇં. **સવ્વલોય–ભાવિય–પ્પપભાવણે૦** સર્વ લોકે ભાવિત = જાણિઉ પ્રભાવ મહિમા જેહનઉં,[4] **પયસ** = દિઉ **મે** = માહરઇં કારણિ, સમાધિ = સ્વાસ્થ્યપણઉં. (૧૪)
(નારાસ(ચ)ક છંદ).

विमल-ससि-कलाइरेअ-सोमं, वितिमिर-सूर-कराइरेअ-तेअं।
तिअस-वइ-गणाइरेअ-रूवं, धरणिधर-प्पवराइरेअ-सारं ॥ १५ ॥
—कुसुमलया ॥

વિમલ૦ નિર્મ્મલ, શશી = ચંદ્રમા, તેહની કલા, તેહ – પાહઇં અતિરેક = અધિક સૌમ્ય છઇં, **વિતિમિર** = મેઘનઇં અંધકારિ કરી રહિત, જે સૂર્ય, તેહની કલા, તેહપ્રાહંતિ[5] અધિક જે ભગવંતનું તેજ. **તીયસવઇ૦** ત્રિદશપતિ = ઇંદ્ર, તેહના ગણ = સમૂહ, તેહની કાંતિ = રૂપ–પાહઇં અધિકઉં રૂપ. જિણિ કારણિ સર્વ દેવ મિલી આપણઉં રૂપ એકત્ર કરી પરમેશ્વરની [6]ચિટાંગુલી–

---

૧. ફિરણીઈ આ૦ ૨. પરમેસરની આ૦ ૩. ૦ગુલીયઇં આ૦ ૪. જેહની આ૦ ૫. ૦પાહિંતિ અધિકઉં રૂપ જે આ૦ ૬. ચટાંગુલી આ૦

કન્હલિ મૂકઈ [1]તઉ જિમ સ્વર્ણ અનઇ તામ્ર નઇ જેહવી [2]વિગતિ હુયઇ તેહવી તિહાં દીસઇ. તેહ – ભણી અધિક તેજ. ધરણિધર = પર્વત, તેહમાહિં જિમ પ્રવર = પ્રધાન, મેરુ–પર્વત. તેહ – પાહુઇ અધિક સાર = બલ છઇ જેહનઉં તે પરમેશ્વર – નઈ [3]નૌમિ નમસ્કરઉં. એ સંબંધ આગલિ આવિસ્યઇ[4] (૧૫) (કુસુમલતા છંદ).

सत्ते अ सया अजियं, सारीरे[5] अ बले अजियं।
तव संजमे अ अजियं एस थुणामि जिणं अजियं ॥ १६ ॥
—भुअगपरिरिंगियं ॥

સત્તેય૦ સત્વિ કરી અથવા વ્યવસાયે કરી સદા = સર્વ કાલ, અજિત = જીતઉ નથી, સરીર = દેહનઉં, બલ = સામર્થ્ય; તિણિ કરી અજિત = કુણિહી[6] જીતઉં નથી. તવ = તપ, દ્વાદશ પ્રકાર – બાહ્ય – અભ્યંતર છ–છ ભેદ. [7]સંજમે = સંજમના સત્તર ભેદ, તેહનઉ સમૂહ, તિણિ કરી અજિત. એસ થુણામિ૦ એ હૂં સ્તવિસું જિન અજિતસ્વામી (૧૬) (ભુજગપરિરંગિત છંદ).

सोम-गुणेहिँ पावइ न तं नव-सरय-ससी,
तेअ-गुणेहिँ पावइ न तं नव-सरय-रवी।
रूव-गुणेहिँ पावइ न तं तिअस-गण-वई,[8]
सार-गुणेहिँ पावइ न तं धरणि-धर-वई ॥ १७ ॥
—खिज्जिययं[9] ॥

સોમગુણેહિં૦ સૌમ્ય = શાંત ગુણે કરી, નવ – નવઉ શરત્કાલનઉ ચંદ્રમા સરીખાઈપણઉં પામી ન સકઇં.

---

૧. તુ આ૦ ૨. વિગિતિ આ૦ ૩. નિમિત આ૦ ૪. આવિસિઇં આ૦ ૫. સરીરે ૬. કુણહી આ૦ ૭. સંયમે સંયમના સતર આ૦ ૮. ગુણવઈ આ૦ ૯. ખિજ્જિયં આ૦

સ્વામી ! **तं** = તુઝ આગલિ, **તેય-ગુણેૢ** તેજ = શરીર-કાંતિને ગુણે કરી, નવઉ શરત્કાલનઉ[1] જે સૂર્ય તે તુમ્હારી તુલના પામી ન સકઇં. હે નાથ ! **રૂવ-ગુણેૢ** હે પરમેશ્વર ! તાહરે રૂપ-ગુણે કરી દેવગણનઉં પતિ ઇંદ્ર તેહઇ સરીખપણઉં પામી ન સકઇં. **સારગુણેૢ** સાર = સ્થૈર્યાદિ ગુણે કરી ધરણીધરપતિ કહતાં મેરુપર્વત તે હી. તુલના પામી ન સકઈ. (૧૭) (ખિજ્જતક છંદ).

तित्थवर-पवत्तयं तम-रय-रहियं,
धीर-जण-थुयच्चियं चुय-कलि-कलुसं ।
संति-सुह-पवत्तयं तिगरण-पयओ,
सन्तिमहं महामुणिं सरणमुवणमे ॥ १८ ॥
—**ललियय** ॥

તિત્થવર૦ તીર્થ-ચતુર્વિધ સંઘ, તેહનઇં **પવત્તયં**-કરણહાર. તે કિમય વારઇં શ્રી વીતરાગ દેવનઇં કેવલજ્ઞાન ઊપજઇં, તિવારઇં ચૌદ રજવાત્મક લોક કરામલકની પરઇં દેખઇં. લોકનઇં ભવ શત સહસ્ર[2] ભવ લક્ષ ભવ કોડિભવ કોડાકોડિ-તણા સંદેહ ભાંજઇં. તિસઇં દેવતા સમોસરણની રચના કરઇં, વીસ [2]સહસ્ર પઉડ સાણ (?) ત્રિણિ ગઢ સુવર્ણમય, રૂપ્પમય, મણિમય, [3]ચ્યારિ પોલિ, ચ્યારિ સિંહાસન, બાર છત્ર, ચઉવીસ જોડા ચમર, બાર પરષદા હુઇ. મુણિ ૧, વેસાણિણી[4] ૨, સમણી ૩; સભવણ ૧, જોઈ ૨, વણ ૩, દેવ-દેવાતિયં[5] ૩, કપ્પસુર નિરિત્તિ[6] ૩, [7]તિર્થ આઈબિદિસાસ (?)—એ બારઇં [8]પરષદા, ગુડા સમઉ ફૂલ પગર, અનેક ધૂપ-ઘટી બહકઇં, દેવ-દુંદુભિ દ્રહકઇં. દેવતણી કોડાકોડિ વિમાનાધિરૂઢ આવઇં. જગન્નાથ

---

૧. ૦કાલનુ **આ૦** ૨. સહસ્ર શ્રુત પઈડ સાણ ત્રિણિ **આ૦** ૩. બાર પોલિ **આ૦** ૪. વેમાણિણ **આ૦** ૫. દેવતિય **આ૦** ૬. નરિચ્છિ **આ૦** ૭. તિય આઈ વિદેસા **આ૦** ૮. પરપતા ગૂડા **આ૦**

[1]યોજન-ગામિની વાણીયઇં કરી વ્યાખ્યાન કરઇં. ત્રિપદી[2] = ઉત્પત્તિ વિપત્તિ-ધ્રુવ્ય સ્થાપઇં, તિહાં ગણધર મહાત્મા-મહાસતી-શ્રાવિક-શ્રાવિકા-રૂપ સંઘ કરઇં. તેહ - ભણી તીર્થના કરણહાર, **તમ-રય-રહિયં॰** તમ = અજ્ઞાન, રજ = બધ્યમાન કમ્મર્. [3]ઉપલક્ષણઇંતઉ બાંધિઇ કમ્મર્, તિણઇં[4] કરી રહિત. [5]**ધીરજણ॰** ધી = બુદ્ધિઇં કરી શોભતા જે સત્ત્વ = પ્રાણી, તીણે ધીરજને સ્તવિઉ છઇં, વાણીયઇં[6] કરી; **ચ્ચિય** = અચ્ચિઁઉ, ફૂલે કરી, **ચુય॰** ચ્યૂત = છાંડિઉં, [7]કલિ વેરે અથવા કલિ કલહ-કલુસં, [8]કલુસ = પાપ જીણઇં. **સંતિ-સુહ-પવત્તયં॰** શાંતિ-મોક્ષ-સુખનઉ[9] કરણહાર, **તિગરણ** = મન-વચન-કાય ત્રિહું કરણે કરી પયઉ = પવિત્ર, સંતિ = શાંતિનાથ, અહં = હૂં, **મહામુનિ** = મહા જ્ઞાની, **સરણમુવણમે** = શરણિ પડિવજઉં. (૧૮) (લલિત છંદ).

સુહ-પવત્તયં॰ સુખનઉ કરણહાર કહિઉ સ્વામી, તે કિમ ? એહી જ ભરતક્ષેત્રમાહિ વસંતપુર-પાટણ. તિહાં જિણદાસ શ્રેષ્ઠિ વસઇ. તેહનઇ ઘરિ દેપાલ નામઇં[10] કર્મકર, અતિ-વિનીત-થકઉં સદાઈ ગાઇ ચારઇં. અન્યદા પ્રસ્તાવિ વર્ષાકાલ આવિઇં દેપાલ ગાઇ ચારી ઘરિ આવિઉ, તિસ્યઇં[11] માર્ગિ નદી પૂરિ આવી. દેપાલ ઊભઉ રહિઉ નદી જોયઇં[12] છઇ. તેતલઇં નદીનઇં પ્રવાહિ શૈલમઇ પ્રતિમા દેખી ચીંતવિવા લાગઉ — 'માહરૂં ભાગ્ય જે મઇં સ્વામીની મૂર્ત્તિ દીઠી'. પછીઇં[13] તે શાંતિનાથની પ્રતિમા લઈ પીપલ-તલઈ માંડી, નીમ લીધઉં — 'પૂજા વિણકીધઇં ભોજન નહી કરઉં'. ઈમ કહી ઘરિ આવ્યઉ[14] તેતલઈ મેઘનઇ યોગિ

---

૧. જોજગામિની આ૦ ૨. ઉત્પત્તિરવિપત્તિધ્રુવસ્યાયઈ આ૦ ૩. ઉપપાલક્ષઈતુ આ૦ ૪ તિણિ આ૦ ૫. વીર જણ ધી બુદ્ધઇં આ૦ ૬. વાણીઇં આ૦ ૭. કાલિ વૈર આ૦ ૮. જલખ પાપ જાણીઇં આ૦ ૯. સુખુનુ આ૦ ૧૦. નામિં આ૦ ૧૧. તેસઈં આ૦ ૧૨. જોઈ આ૦ ૧૩. પછઈ આ૦ ૧૪. આવિઉ આ૦

નદી પૂરિ આવી. દેવપૂજા[1] વિણુ જિમઇ નહી. જિણદાસિ[2] ઘણુંઇં કહઇં[3] નેમ ન પારિઉં. સાતમઇ દિનિ નદી પારિ થઈ. પછઈ સાત ઉપવાસનઈ પ્રાંતિ દેપાલિ તિહાં [4]જઈ જગન્નાથ પૂજયા. તિસઇં સત્વ-લગી બિંબનઉં[5] અધિષ્ટાયક તૂઠઉં, કહિઉં—'વસંતપુર-પાટણનઉં રાજ તુઝનઇ હોસ્યઇં'. પછઇં સાતમઇ દિનિ નગરનઉ સ્વામી [6]વિસૂચિકા-રોગિ મૂઅઉ. [7]પુત્રનઇ અભાવિ પંચ-દવ્ય અધિવાસ્યાં, પછઇં સાતમઇં દિનિ[8] પીપલિ હેડલિ તે દેપાલ સૂતઉ છઇં, તિસઈ [9]હાથીયઇ કુંભસ્થલનઇ હૂંતઉ જલ-પૂર્ણ કલશ માથઇ ઢાલિઉ, રાજ દીધઉં. દિવ્ય વેસ પહિરિઉં, મોટઈ ઉત્સવિ, નગરમાહિ આવી, તે રાજ્ય-સુખનઉ[10] ભાજન હૂયઉ. તેહ-ભણી **સુહ-પવત્તયં** ॥ ૭ ॥

त्रिणओणय-सिर-रइअंजलि-रिसिगण-संथुयं थिमियं,
विबुहाहिव-धणवइ-नरवइ-थुय-महियच्चियं बहुसो ।
अइरुग्गय-सरय-दिवायर-समहिय-सप्पभं तवसा,
गयणंगण-वियरण-समुइय-चारण-वंदियं सिरसा ॥ १९ ॥

—किसलयमाला ॥

વિણ॰ વિનયકારી[11], અવનત = નમ્યાં, **સિર** = મસ્તક, તેહનઇં વિષઇં, રચિત = જોડી, **અંજલિ** = કરસંપુટ, એહવા [12]રિષિના ગણ = સમૂહ, તીએ સ્તવિઉં. વલી [13]કિસ્યઉં ? **સંતિ થિમિયં॰** સિદ્ધપણઇં કરી નિશ્ચલ હૂઅઉ[14], **વિબુહાહિવ॰** વિબુધ-દેવ તેહનઉં અધિપતિ ઇંદ્ર, ધનપતિ = ધનદ યક્ષાદિકે, **નરવઇ** = નરપતિ, ચકવર્ત્તિં પ્રમુખે **થુય** કહીઇ વાણીયઈ કરી

---

૧. દેત્ર પૂજ્યા આ૦ ૨. જિણદાસ આ૦ ૩. કહિ આ૦ ૪. જઈ દેવ પૂજા જગ૦ આ૦ ૫. બિંબલગઈ અધિષ્ટાયકઇં કહિઉં આ૦ ૬. વિશૂચિકા - રોગિ મૂઉ આ૦ ૭. પુત્ર અનઈ આ૦ ૮. દિવસિ પીપલ હેઠિલે દેપાલ આ૦ ૯. હાથિણી ઈ કુભસ્થલ હૂતઉ આ૦ ૧૦. સુખનઈ આ૦ ૧૧. વિનયંકર આ૦ ૧૨. રુષિના આ૦ ૧૩. કિસિઉ આ૦ ૧૪. હૂઉ આ૦

સ્તવિઉં, **મહિયં** = પ્રણમિઉં[1]. **અચ્ચિયં** = અર્ચિંત કુસમાદિકે, **બહુસો** = અનેકવાર, **અઇરુગ્ગય૦** નવઉ ઊગિઉ શરત્કાલનઉ દિવાકર = સૂર્ય, **સમહિય૦** અધિક પ્રભા[2] કાંતિ છઇ જેહની; તપસા = તપિ કરી, ગયણંગણ-વિહરણ૦ ગગન = આકાશ, તિહાં ચાલિવઉં, તીણઇં **સમુઇય** = સહિત, જે ચારણ શ્રમણ, તીણે સિર = મસ્તકિ કરી વંદિત = વાંદિઉ છઇ જે ભગવંત (૧૯) (કિસલયમાલા છંદ).

હિવ જિ કો વાંદઇ તે ચિરકાલ [3]નાંદઇ, જિણિ કારણિ કહિઉં મગહદેશિ શ્રીપુરિ ચંદન શ્રેષ્ઠિ મહામિથ્યાત્વી વસઇ. તે જિન-ધર્મના અવર્ણવાદ બોલઇ. એકદા તેહનઉં પ્રિયંકર મિત્ર શ્રાવક, તિણિ કહિઉં – 'મિત્ર ! અવર્ણવાદ ન કીજઇ.' તે કહઇ – 'કોઇ[4] પરીક્ષા દેખાડિ જિમ ન કરઉં', તિવારઇ પ્રિયંકર ચંદનનઈ લેઈ ગુણાકરસૂરિ – કન્હલિ આવિઉં તે ભગવંતે ઉપદેશ દેતાં કહિઉં – 'જિ કો જિનનઇં ત્રિકાલ નમઇં તેહનઇ સર્વ સંપદા સંપજઇં.' તિણિ તે ઉપદેશ સાંભલી મિત્રનઇ કહિઉં. મિત્રે 'ત્રિણિ દિન વીતરાગ નમિસુ ભાવપૂર્વક, જુ કાંઈ ફલ [5]હોસ્યઇં તઉ સદા નમિસુ'. ઇમ કહી પ્રથમ દિનિ જગન્નાથનઇં પ્રણામ કરી, ઘરિ આવી ભોજન કીધઉં. તિસ્યઇં[6] ભાર્યાઇં કહિઉં – 'સ્વામિ ! મહિષી છૂટી. ખીલઉ અનેથિ સબલ [7]ગાડઉ.' તિસઇ ખીલઉ અનેથિ ગાડતાં નિધાન પ્રગટ હૂઅઉં.[8] આસ્થા ઊપનીઇ જાવજ્જીવ મિત્ર-ગુરુ[9]-પ્રત્યક્ષ્ય દેવ નમસ્કરિવા નેમ[10] લીધઉ. ઇમ નેમ પાલતાં મહાંત ધન-પ્રાપ્તિ હુઈ ॥ છ ॥

---

૧. પ્રણામાદિકે **આ૦** ૨. પ્રભાવ **આ૦** ૩. વાંદઈ **આ૦**
૪. કાંઈ **આ૦** ૫. હોસઈ તું સદાઇ નમિસુ **આ૦** ૬. તિસિઈ **આ૦**
૭. લગાડઉં **આ૦** ૮. હૂઉ **આ૦** ૯. પ્રગટ દેવ **આ૦**
૧૦. નીમ **આ૦**

असुर-गरुल-परिवंदियं, किन्नरोरग-नमंसियं ।
देव-कोडि-सय-संथुयं, समण-संघ-परिवंदियं ॥ २० ॥
—सुमुहं ॥[1]

અસુરકુમાર, ગરુલ = સુવર્ણકુમાર, તેહિં[2] વાંદિઉં, **કિન્નર-ઉરગ** = વ્યંતર - વિશેષ, તેહે **નમંસિય**[3] = નમસ્કારિઉ છઇં. વૈમાનિક - દેવની કોડિનાં સઇં, તીણે સ્તવિઉં, શ્રમણ-સંઘ = સાધુ - સાધ્વી - શ્રાવક - શ્રાવિકા રૂપ, તીણે પરિસમંતાદ્ ભાવિ વંદિઉં છઇં (૨૦) (સંમુખ છંદ).

अभयं अणहं, अरयं अरुयं ।
अजियं अजियं, पयओ पणमे ॥ २१ ॥
— विज्जुविलसियं ॥

અભયં૦ ભય કરી રહિત, **અણહં૦** નથી જેહનઇં પાપ, **અરયં૦** વૈરાગ્યપણા - લગી કિહાંઈ · વિષયાશક્ત - પણઉં નથી, **અરુયં૦** રોગિ[4] કરી રહિત, **અજિયં૦** નથી પરાભવ્યઉ બાહ્ય - અભ્યંતર વયરીએ, **અજિયં૦** અજિતનામા જિન, **પયઉ૦** સાદર, **પણમે૦** નમસ્કરઉં (૨૧) (વિદ્યુત્-વિલસિત છંદ).

એકદા કેસવ બ્રાહ્મણ માર્ગભ્રષ્ટ અરણ્યમાહિ પડિઉ ત્રિષાક્રાંત ભમંતઉં, જગન્નાથની [5]મૂર્ત્તિ દેખી ચીતવઇ - 'સાચઉ દેવ જુ હોસ્યઈ તુ જલ દેસ્યઈ, તેતલઇ વનનઈ અધિષ્ટાઇકિ તેહનઇ જલકુંભ આપ્યઉં.[6] પછઈ કેસવ શ્રાવક-ધમ્મં પડિવજી જગન્નાથ-ભક્ત હૂઅઉ. ક્રમઇં મુક્તિ પણિ પામી. ઇણિ કારણિ ઇહલોક - પરલોકની વાંછાઈ સહૂ કો નમઈ ॥ ૭ ॥

હિવ ચિહુંગાહે કરી શાતિનાથ સ્તવઇં-

आगया वर-विमाण-दिव्व-कणग-रह-तुरय-
-पहकर-सएहिं हुलियं ।

---

૧. સુમહ આ૦ ૨ તેહે આ૦ ૩. નમંસયં આ૦ ૪. રોગ આ૦
૫. પ્રતિમા દેખી આ૦ ૬. આપિઉ આ૦

सस्संभमोयरण-खुभिय-लुलिय-चल-कुंडलंगय-
तिरीड-सोहंत-मउलिमाता ॥ २२ ॥
—वेड्ढओ (वेढो) ॥

આગયા૦ આવ્યા છઇ જે સૂર શ્રી શાંતિનાથનઇ સમીપિ. કિસિઈ કરી? **વર–વિમાન દિવ્વ૦** દેવ – સંબંધિયા **કનક** = સ્વર્ણમય રથ, તેહના જે **તુરય** = તુરંગમ, તેહનઉ **પહકર** = સમૂહ. તેહને સએ કરી **હુલિયં** = વેગઇં, **સસંભમ** = ઊતાવલઉં, **ઉયરણ** = સ્વર્ગ–ઈતઉ અવતરણ, હેઠઉં આવિવઉં[1]. તિણિ કરી **ક્ષુભિત** = સંચલિત હૂંતા, **લુલિય** = લોલાયમાન, ઉરહા–પરહા હાલતાં, **ચલ** = ચપલ કાનનાં કુંડલ, **અંગય** = બહિરખા, **તિરીડ** = મુકુટ, તિણિકરી **સોહંત** = શોભાયમાન, **મઉલિ** = મસ્તકની, **માલા** = માલ્યદામ છઈ જેહનઇ (૨૨) (વેષ્ટક છંદ).

जं सुर-संघा सासुर संघा वेर-विउत्ता भत्ति-सुजुत्ता,
आयर-भूसिय-संभम-पिंडिय-सुट्ठु सुविम्हिय-सव्व-बलोघा ।
उत्तम-कंचण-रयण-परूविय-भासुर-भूसण-भासुरियंगा
गाय-समोणय-भत्ति-वसागय-पंजलि-पेसिय-सीस-पणामा ॥२३॥
—रयणमाला ॥

જં સુર૦ જે ભગવંત. કન્હઇ **સુરસંઘા** = દેવસમૂહ. તે કિસ્યા છઇ? **સાસુરસંઘા૦** અસુર – સમૂહે – સહિત, **વેર-વિઉત્તા** = વયર – રહિત, **ભત્તિ – સુજુત્તા** = ભક્તિ કરી સહિત, **આયર – ભૂસિય** = આદરિ કરી સહિત, **સંભમ – પિંડિય** = ઊતાવલિ કરી એકઠા મિલ્યા, **સુટ્ઠ** = સુષ્ટ, અતિશય કરી. **સુવિમ્હિય** = સુવિસ્મિત જિમ હૂયઇ[2] તિમ **સવ્વ** = સઘલાઈ **બલ** = ગજ – તુરંગમાદિ કટક, તેહનઉ **ઉઘ** = સમૂહ છઇ.

---

૧. આવિઉં અ૦ ૨. હુઈ આ૦

ઉત્તમ = પ્રધાન, કાંચન ~~અનઇં રયણ~~ = રત્ન, તેહનાં **પરૂવિય** = [1]પ્રકૃષ્ટ રૂપ કીધાં, **ભાસુર** = ઝલહલતાં. જે **ભૂસણ** = આભરણ, તેહે કરી **ભાસુરિઅંગા૦** દેદીપ્યમાન અંગ છઇં, **ગાઇસમોણય** = માત્ર આપણઇં સરીરિ સમ્યગ્ - પ્રકારિ નમઇં. **ભત્તિવસાગય૦** ભક્તિનઇં વસિ આવિઈ.[2] ~~**પંજલિ**~~ = હાથ માથઇં ચડાવી, **પેસિય** = કીધિઉ, **સીસ૦** મસ્તકિ કરી પ્રણામ જેહે (૨૩) (રત્નમાલા છંદ).

वंदिऊण थोऊण तो जिणं, तिगुणमेव य पुणो पयाहिणं,
पणमिऊण य जिणं सुरासुरा, पमुइया सभवणाइँ तो गया ॥२४॥
[खित्तयं] ।

વંદિઊણ૦ વાંદી કરી, **થોઊણ૦** વાણીઇં [3]સ્તવી કરી, **તો૦** તિવાર, પૂ (? પ)છઇં **જિણ૦** શાંતિ, **તિગુણમેવય૦** ત્રિણિવાર. **પુણો** = વલી **પયાહિણં૦** પ્રદક્ષણા દેઈ, વલી જાવાનઇ અવસરિ. **પણમિઊણ** ય૦ પ્રણામ કરી, જિનનઇં સુર = દેવ, અસુર = દાનવ, **પમુઇય** = હર્ષિયા હુંતા, **સભવણાઇં૦** સ્વ = આપણા મંદિર; ઘર, તિહાં ગયા (૨૪) (ખિત્તક છંદ).

જિ કો જગન્નાથનઇં સ્તવઇ તે શ્રી માનતુંગસૂરિની રીતઇં મહુત્ત્વ પામઇ. જિમ શ્રી માનતુંગસૂરિ નઇં ચઉંઆલીસ અઠીલિ રાજાઇં ડિલિ ઘાલી. ભક્તામર સ્તવન સ્તવિઉં, સર્વ.... અઠીલિ ભાગી, મહુત્વ પામ્યઉં. તિમ બીજે પણિ સ્તવતાં મહુત્વ પામીયઇં[4] ॥ છ ॥

तं महामुणिमहं पि पंजली, राग-दोस-भय-मोह-वज्जियं ।
देव-दाणव-नरिंद-वंदियं, संतिमुत्तमं महा तवं नमे ॥ २५ ॥
—खित्तयं ॥

---

१. કૃષ્ટ અ૦ २. આવે આ૦ ३. થવી કરી અ૦ ४. પામઇ આ૦

તં = તે શાંતિનાથ, મહામુનિ = મહાજ્ઞાની; હૂં પણિ હાથ જોડી સ્તવિસું, પ્રાંજલિ હુંતઉં, **રાગ** = માયા, લોભ રૂપ, **દોસ** = ક્રોધ, માન–રૂપ, **ભય** = ઊદ્વેગ, મોહ = અજ્ઞાન[1]. તિણિ કરી વર્જિંત. **દેવ** = વિમાનવાસી, **દાનવ** = દૈત્ય, **નર** = મનુષ્ય; તેહનાં અધિપતિ ઇંદ્ર, તેહે **વંદિયં°** વાંદ્યા છઇ **સંતિ** = શાંતિનાથ, **ઉત્તમ** = પ્રધાન **મહા–તવં°** મહા–તપનઉ કરણહાર **નમે** = પ્રણમઉં. (૨૫) (ખિપ્તક છંદ).

હિવ શ્રી અજિતનાથ [2]બિંહૂં ગાહે સ્તવઇં—

अंबरंतर-विआरणिआहिं, ललिय-हंस-वहु-गामिणिआहिं ।
पीण-सोणि-थण-सालिणिआहिं, सकल-कमल-दल-लोअणिआहिं ॥२६॥

—दीवयं ॥

અંબર = આકાશ-માર્ગનાં અંતરાલ, તિહાં [3]જેહનઉ વિચરિવઉં છઇ, **લલિત** = પ્રધાન જે હંસ–વધૂ = રાજહંસી, તેહની પરિ ચાલિવાની ગતિ છઇ જેહની, **પીન** = પુષ્ટ[4] છઇ જે શોણિ = કટી–પ્રદેશ, અનઇ **થણ** = સ્તન, તેહે કરી **સાલણિ-યાહિં°** શોભતિ છઇ. **સકલ** = સંપૂર્ણ **કમલદલ** = પદ્મના દલ તેહ સમાન લોચન છઇ જેહના (૨૬) (દીપક છંદ).

पीण-निरंतर-थणभर-विणमिय-गाय-लयाहिं ।
मणि-कंचण-पसिढिल-मेहल-सोहिय-सोणि-तडाहिं ।
वर-खिंखिणि-नेउर-सतिलय-वलय-विभूसणिआहिं,
रइकर-चउर-मणोहर-सुंदर-दंसणिआहिं ॥ २६ ॥ [२७]

—चित्तक्खरा ॥

---

1. અજ્ઞાનિ આ૦ 2. બિહુ ગાહે કરી સ્ત૦ આ૦
3. જેહનઉ છઇ આ૦ 4. પુષ્ટાં આ૦

પીન = મોટા, **નિરંતર** = ઘન, [5]નિવડ, **સ્તન** = પયોધર, તેહનઉ **ભર** = ભાર, તિણઇં કરી [1]**વિણમિય** = નમિઉં, ગાત્ર = સયર જેહનઉં લતાની પરઇં. [3]**મણિ** = માણિક્ય, **કંચણ** = સુવર્ણ તેહની **ત્રસ**[4] (?) કીધી, **પસિઢિલ** = ઢીલી છઇં જે મેખલા = આભરણ તીણઇં કરી **સોહિય** = શોભાયમાન, **સોણિતડાહિં૦** = કડિનઉ પ્રદેશ છઇં જેહનઉં. વલી, **વર** = પ્રધાન, **ખિંખિણી** = કિંકણી અનઇ **નેઉર સતિલય૦** તિલક-સહિત, **વલય** = કાંકણ એહવા વિશિષ્ટ ભૂષણ = આભરણ છઇં જેહનઇં. **રઇકર** = રતિ, સમાધિનઉં કરણહાર, [5]**ચઉર** = ચતુર, રસિક જન, મનનઉં હરણહાર, **સુંદર** = પ્રધાન, દર્શન, સયર છઈ જેહનઉં (૨૭) (ચિત્રાક્ષરા છંદ).

પ્રવાહઇં એ સ્ત્રી ભલાઈ મનુષ્યનઉં ચિત્ત હરઇં. જિમ શ્રી સ્થૂલિભદ્રનઉં મહુત્વ દેખી સિંહ-ગુફા-વાસી મહાતમાઇં ચઉમાસી-નેમ-નઇં અવસરિ ગુરુ વીનવ્યા, 'ભગવન! અહુણ હું સ્થુલિભદ્રની પરિ વેશ્યાનઈ ઘરિ રહી કંદર્પ જીપી આવિસુ.' ભગવંતે કહિઉં, 'વચ્છ! એ નેમ દોહિલઉ, તઇ નહી પલઇ.' તઉહિ તે સાધુ બલાત્કારિ ઉપકોશાનઇ ઘરિ જઈ 'ધર્મલાભ' દીધઉં. તિસ્યઇં[6] ઉપકોશાઈ ચીંતવ્યઉં, 'એ બાપડઉ સ્થૂલિભદ્રની સ્પર્ધાઇં આવિઉં. પણિ એ મૂર્ખ તઉ હી પરીખીઇં.' પછઇં ઉપકોશા હાવભાવ કરતી કહઇં, '[7]મહાતમા! ધર્મલાભિ ખપ નહી, અર્થલાભ જોઈઇં'. મહાતમા તેહનઇં રૂપિ વ્યામોહિઉં. [8]નેપાલઈ દેશઇં જઈ, કાંબલઉં રાજા-કન્હલિ પ્રાથી[8], વાંસમાહિ ઘાલી, મહાકષ્ટ-સહિત[9] ઉપકોશા-સમીપિ આવ્યઉ. તિસઇ

---

૧. નઈવડ **આ૦** ૨. વિણિમય **અ૦** ૩. પરિ **આ૦** ૪. કૃકીધી **આ૦** ૫ 'ચઉર...હરણહાર' સુધીનો પાઠ **અ૦**માં છૂટી ગયેલ છે. ૬. ઉપકોશાઈ કરી ચીંત૦ **આ૦** ૭. મહાત્મા ધર્મ્મલાભ ખપ નહીં અર્થ ગર્થ લાભ૦ **આ૦** ૮ નેપાલદશિ જઇ **આ૦** ૯. સહતઉ **આ૦**

ઉપકોશા પગ ધોઅઇ છઇં, કાંબલઉ મહાતમાઇં આગલિ ધરિઉં. તિણઇં લેઈ ખાલ–માહિ ઘાલિઉં.[1] મહાતમા કહઇં, 'એ સ્યું અજાણપણઉં ?' ઉપકોશા કહઇં, 'તૂં એતલઉં [2]જાણઇં છઇં તુ અમ્હે સ્ત્રી ખાલસમાન, ચારિત્રરત્નકંબલ–સમાન. તે[3] તઇંકાં વિરાધિઉં ?' તેહનઇં વચનિ પ્રતિબૂધઉ[4] પાછઉ આવી આલોયણ લેઈ શુદ્ધ હૂઅઉં. તેહ ભણી '**સુંદર–દંસણયાહિ**' જાણિવઉં ॥૭॥

देवसुंदरीहिँ पाय-वंदिआहिँ वंदिया य जस्स ते सुविक्कमा कमा
अप्पणो निडालएहिँ मंडणोड्डुण-प्पगारएहिँ; केहिँ केहिँ वि ?
अवंग-तिलय-पत्तलेह-नामएहिँ चिल्लएहिँ संगयंगयाहिँ,
भत्ति-सन्निविट्ठ-वंदणागयाहिँ हुंति ते (य) वंदिया पुणो पुणो ॥२८॥
— नारायओ ॥

દેવસુંદરી૦ દેવાંગના, તે કિસી છઇં ? **પાયવંદિયાહિં** કહતાં સયર અનઇં આભરણની કાંતિનઉં વૃંદ = સમૂહ છઇં જેહનઇં, તીણીએ **વંદિયા૦** વાંદ્યા = પ્રણમ્યા **જસ્સ૦** જે સ્વામીનાં તે તેહવાં જગ–વિખ્યાત, સુવિક્રમ = અતિ બલવંત, ક્રમ = ચરણ. કિસઈ કરી ? **અપ્પણો૦** આપણે નિલાડે કરી **મંડણોડ્ડુણ** = સયરિ માંડણાંની રચના, તેહને[5] પ્રકારે કરી. **કેહિં કેહિં૦** કેહવી = કેહે વેસે, મંડને, તે કહઇ. **અવંગ** કહીયઇ લોચનને અંતે, અંજણની રચના, તિલક = ટીલાં, **પત્તલેહા૦** કસ્તૂરિકાદિકનાં સયરિ ટબકાં, **નામએહિં૦** ઇત્યાદિ નામ છઇં જેહનઇં. **ચિલ્લએહિં** કહીઇ દેદીપ્યમાન. **સંગયંગયાહિં૦** માંડણાની રચનાઇં કરી સહિત, **અંગ** = સયરના અવયવ છઇં, જેહનાં. **ભત્તિસંનિવિટ્ઠ૦** ભક્તિઇં કરી સંયુક્ત જે છઇં, **વંદણ** = વાંદિવઉં, તેહનઇં કારણિ **આગયા** = આવ્યા છઇં.

---

૧. ઘાતિઉ **આ૦** ૨. જાણઈ અમ્હે **આ૦** ૩. તઇં વિરા૦ **આ૦**
૪. પ્રતિબોધિઉ **આ૦** ૫. તેહે રુને **આ૦**

તેહે સુરસુંદરીએ હુંતિ તાહરી તે [1]બિહૂઇ પગ, **વંદિયા** = વાંદ્યાં, **પુણો પુણો** = વલી વલી. (૨૮) (નારાચક છંદ)

तमहं जिणचंदं, अजियं जिय-मोहं ।
धुय-सव्व-किलेसं, पयओ पणमामि ॥ २९ ॥
—नंदिययं ॥

તમહં૦ તે હું **જિણચંદ૦** સામાન્ય – કેવલી – માહિ પ્રધાન તીર્થંકર. **અજિયં૦** શ્રી અજિતનાથ, **જિય–મોહં૦** જિત = જીતા **મોહ** = અજ્ઞાનતા–રૂપ **ધુય** = ફેડિયાં સર્વ = સઘલાં સારીર – માનસિક દુક્‌ખ = કલેશ જીણઇં. **પયઉં** = પ્રયત્ન – હૂંતઉ[2] હૂં પ્રણમામિ = નમસ્કરઉં (૨૯) (નંદિતક છંદ).

હિવ જિ કો સ્વામીનઇં ધ્યાયઇં[3] તેહના કલેશ ભાજઇં, જિમ પોતનપુર–પાટણિ પૂર્ણ શ્રેષ્ઠિ વસઇં. તેહનઉં પુત્ર વિશાખદત્ત, માબાપ – નઇ વલ્લભઇં[4] થકઉં રોગગ્રસ્ત હૂઅઉં. તિસ્યઇં મા–બાપ અનેક ઊષધ કરઇં, પૂઠ કરઇં, દેવતાનઇં ઉપયાચના માનઇં, પણિ ગુણુન ઊપજઇં. તિસ્યઇં કેવલી વિહાર કરતઉં પોતનપુરિ આવિઉં[5], રાજાદિક વાંદિવા ગયા. પૂર્ણશ્રેષ્ઠિ પુત્રનઇ લેઈ તિહાં આવિઉં. ભગવંત કહઇં, 'એ અસાર સંસાર દુક્‌ખ – [6]ભાંડાગાર. તેહમાહિ એકશ્રી પુણ્ય-પદાર્થનઉં આદર કરિવઉં". તિસ્યઇ પૂર્ણિં પૂછ્યઉં, 'ભગવન ! વિશાખદત્તિ સ્યાં[7] પાપ કીધાં ?' ભગવંત કહઇ – 'પૂર્વિલઇ ભવિ દેવની સૂકડિ આપણઇ [8]ડીલિ લગાડતઉં, શ્લેષ્મા દેહશાની [9]ભીતઇં લૂહતઉં, કો [10]સિસ્યા દેતઉં તઉ રીસાતઉં. તે કર્મની ઉપાર્જના લગી મરી સ્વાનનઇ ભવિ આવિઉ, તિહાં ખસ ઊપની, પછઇ લોકે તે સ્વાન મારિઉ, આર્ત્તઇં મરી સર્પ ઊપનઉ. તિહાં થકઉં શ્રેષ્ઠિનઇ ઘરિ કમ્મંકર

---

૧. બિન્હઈ આ૦ ૨. હૂંતુ આ૦ ૩. ધ્યાઈ આ૦ ૪. થકઉ રહઈ રોગ. આ૦ ૫. આવઉ આ૦ ૬. ભંડારગાર આ૦ ૭. શાં આ૦ ૮. ટીલિ આ૦ ૯. ભીતિઇં લૂહતુ આ૦ ૧૦. શ્રુષ્યા આ૦

હૂઅઉં. તિહાં થકઉં પાંચમઇ ભવિ વિશાખદત્ત[1] હૂઅઉ.' એ વાત સાંભલી વિશાખદત્ત ગુરૂને પગે લાગી આલોચના માંગી. પછઇ ગુરે છમ્માસી એકંતર ઉપવાસ દીધા. 'ત્રિકાલ-વંદનાદિકે કરી જિન-પૂજા કરવી' એહવી આલોયણ લેઈ સમ્યગ્ પાલિવા લાગઉં, તિસ્યઇ છટ્ઠઇ માસિ [2]રોગ ગયઉં, કલેશ ગયાં. જિનધર્મ-ભક્ત હૂયઉં એહભણી 'ધૂય સવ્વકિલેસ' કહીયઇ ॥ ૭ ॥

थुय-वंदियस्सा, रिसि-गण-देव-गणेहिं ।
तो देव-वहुहिं, पयओ पणमियअस्सा ॥
जस्स-जगुत्तम-सासणअस्सा, भत्ति-वसागय-पिंडियआहिं ।
देव-वरच्छरसा बहुआहिं, सुर-वर-रइगुण-पंडियआहिं ॥ ३० ॥
—भासुरयं ॥

થુયવંદિ૦ સ્તવિઉ અનઇ વાંદિઉ છઇં, કુણિઇં ? રિસિ૦ ઋષીસ્વરના ગણ = સમૂહ, અનઇં દેવતાંનાં ગણ તેહે. તો = તિવાર પછી દેવની વધૂ = દેવાંગનાએ પયઉ = સાચઇં ભાવિઇં, પણ-મિયસ્સ = નમસ્કરિઉ છઇં જસ્સ જે શાંતિનાથનઉં [3]જગત્રના લોકનઇં ઉત્તમ = પ્રધાન શાસન = દર્શન છઇં. તે પરમેશ્વરનઇં ભત્તિવસા૦ ભક્તિ નઇં [4]વસઇં, આગય = દેવલોકઈતઉ આવિવઉં, તીણઇં કરી પિંડિયાહિં = એકઠી મિલી છઇં દેવતાની, વર = પ્રધાન, અચ્છર૦ અપ્સરસ = નૃત્ય-કલા-કુશલ દેવાંગના, તેહે બહુ [5]ઘણીઆ સુરદેવ તે સંઘાતઇં વર = પ્રધાન રઇ ગુણ = કામ-ગુણ કામ-સુખના ગુણ, તેહનઇં વિષઇ પંડિતા = ડાહી છઇં. (૩૦) (ભાસુરક છંદ).

वंस-सद्द-तंति-ताल-मेलिए तिउक्खराभिराम-सद्द-मीसए,
कए[14] [अ] सुइ-समाणणे अ सुद्ध-सज्ज-गीय-पाय-जाल-घंटिआहिं
वलय-मेहला-कलाव-नेउराभिराम-सद्द-मीसए कए अ,

---

१. विशाखदत्ति આ૦ २. રોગકલેશગયા આ૦ ३. જગન્નાથનઇ ઉત્તમ આ૦ ४. વસિઇં આ૦ ५. ગણીએ આ૦

देव-नट्टिआहिं हाव-भाव-विब्भम-प्पगारएहिं नच्चिऊणे अंगहारएहिं
वंदिया य जस्स ते सुविक्कमा कमा,
तयं तिलोय सव्व[सत्त]-संतिकारयं ।
पसंत-सव्व-पाव-दोसमेस हं, नमामि संतिमुत्तमं जिणं ॥ ३१ ॥
— नारायओ ॥

वंस० वांसनउ शब्द, **तंति** = वीणा, **ताल** = पटहादिक तेहे **मेलिए** = मिलिउं. **तिउक्खरा** = वाजिंत्र-विशेष, तेहनउं **अभिराम** = मनोहर शब्द, [1]तिणि करी **मीसए कए०** मिश्र कीधइं हुंतइं, **सुइसमाणणे०** श्रुति = शब्द सांभलिवानइ विषइं. काननउं समान करिवउं, तीणइं कीधइ हुंतइं **सुद्ध** = निर्दोष, **सज्ज** = नवउं जे गीत तीणइ सहित छइ जे **पायजाल०** पगे जालनइं आकारि [2]घंटिका = घूघरी छइ जेहनइ. **वलय०** सोनानां वलीयां, **मेहला०** कडिनउं आभरण, **कलाव** = अलंकार – विशेष, [3]**नेउर** = नूपुर, तेहनउ **अभिराम** = मनोहर सद्द = शब्द, तिणि करी मिश्र कीधइ हूंतइ, **देव–नट्टीयाहिं** = देवतानी नर्त्तकीना, **हावभाव** = काम–विकार, विभ्रम–विलास, तेहना प्रकार छइ जेहनइ, **नच्चिऊण०** नाची, **अंगहार-एहिं०** भले अंगने विक्षेपे करी, **वंदिया०** वांद्यां, **जस्स०** जे स्वामीना ते जग–वंदीतां, सविक्रम = पराक्रमि[4] करी सहित **कम** = पग. **तयं तिलोय०** त्रिहुं त्रिभुवनना सव्व = सर्व सत्व = प्राणी, तेहनइ शांतिनउ करणहार, पसंत = उपशम्या, सर्व = सघलां पाप अनइ दोसरागादिक जेहनउं. **एसहं०** एहइ **नमामि** = नमस्करउं, **संति** = शांतिनउ नाथ उत्तम–जिन कहीयइ तीर्थंकर. (३१) (नाराचक छंद).

उत्तम जिन – ऊपरि दृष्टांत

वसंतपुरि नगरि, सूरसेन क्षत्रिय. तिणि दालिद्रपीडित–

---

१. 'तिणि करी........सुद्ध.' सुधी पाठ **आ०** मां छूटी गयो छे.
२. घाटिआ **आ०** ३. नेउरी नूंपरी **आ०** ४. पराक्रम **आ०**

સેવા-કરસણુ-પ્રમુખ ઘણાઈ ઉપાય કીધાં, પરં[1] સર્વ નિષ્ફલ હૂઆ. પછઇ નારાયણુનઇ પ્રાસાદિ જઈ માસ-દિન-તાઈ સેવા કીધી, તઉહી[2] ફલ ન પામિઉં. ઇમ વલી ઈશ્વર-વિનાયક-સૂર્યાદિકની સેવા કીધી. પરં[1] કાંઈ ફલ ન હૂઅઉં. તિસઇં ચીંતવઇં – 'હિવ એક જિનપ્રાસાદ થાકઇં, તેહી પરખીયઇં.' પછઇં જિન-ભુવનિ જઈ સ્વામીનઇં સ્તવઇં. ઇસ્યઇ દેવતા કોઈ એક જિનભુવનિ આવ્યઉં હૂતઉં, તિણિ સૂરસેનની ભક્તિ દેખી. દેવતા ચિંતામણિ આપી આપણઇં સ્થાનકિ પહુતઉં. સૂરસેન ચિંતામણિનઈ પ્રભાવિ રાજ્યાદિ સામગ્રી પામી, જિનનઇં વિષઇ ગાઢઉં ભક્ત હૂઅઉં. મુખિઈ ઇમ કહઇં – ' મઇં સર્વ દેવની પરીક્ષ્યા કીધી, પણિ સર્વ દેવમાહિ જિનઈ જિ ઉત્તમ.' (૭)

હિવ બિન્હઇં જિન એકઠા સ્તવઈ છઈ —

छत्त-चामर-पडाग जूअ-जव-मंडिया,
झयवर-मगर-तुरय-सिरिवच्छ-सुलंछणा ।
दीव-समुद्द-मंदर-दिसागय-सोहिया,
सत्थिअ-वसह-सीह रह-चक्क-वरंकिया ॥ ३२ ॥
—ललिययं ॥

છત્ત-ચામરપડાગ૦ નાન્હી પતાકા, **જૂઅ** = જૂંસર, **જવ૦** પ્રસિદ્ધ, તેહે લક્ષણે કરી **મંડિયા** = શોભાયમાન. **ઝયવર** = મહાધ્વજા, **મગર** = જલચર જીવ, **તુરય** = તુરંગમ, **સિરિવચ્છ** = શ્રીવત્સ; **સુલંછણા૦** એ એહવાં શોભન **લાંછન** = લક્ષણ છઇં જેહનઇં. **દીવ-સમુદ્ર** = દ્વીપ, જંબૂદ્વીપ આદિક, સમુદ્ર લવણોદધિ પ્રમુખ, **મંદિ(દ)ર**-મેરુપર્વત અથવા **મંદિર** = પ્રાસાદ જાણિવા. **દિસાગય૦** દિગ્ગજ, પ્રધાન-હસ્તી. તેહને આકારે **સોહિયાં** = શોભિત છઈ. **સુત્થિય** = સ્વસ્તિક, **સિંહ** = મૃગરાજ, **વસહ** = વૃષભ, શ્રી = લક્ષ્મી, **વચ્છ** = વૃક્ષ આમ્રાદિ.

---

૧. પણિ આ૦   ૨. તુહી આ૦

તે એહવા શોભન=ભલાં, **લાંછન**=લક્ષણ છઇં જે શ્રી અજિત-શાંતિનાથના હાથ-પગનઇં વિષઇં (૩૨) (લલિત છંદ).

જિણિ કારણિ લક્ષણિ કરી ભાગ્યાદિક[1] જાણીયઇં. જિમ એકદા શ્રીપુરિ ધનાવહ શ્રેષ્ઠિનઉ પુત્ર ભીમ દાલિદ્ર [2]પામિઉ હૂંતઉં દેશાંતરિ ભમિવા લાગઉ. તિસ્યઇં રથનૂપુર-વાસ્તવ્ય પુલાક-નૈમિત્તિકિ ભીમ દીઠઉ, કહિઉં – 'રાજ એહનઇં હોસ્યઇં'. મિત્રિ [3]પૂછયઉં – 'કિમ જાણીયઇં?' તિણિ કહિઉં 'હાથેપગે સંપૂર્ણ [4]ઉર્દ્ધ્વ રેખા છઇં. અનઇં શાસ્ત્રઇં ઈમ બોલઇં —

'ઇક્કા વિ ઉડ્ઢ-રેહા સહસ્સ-જણ-પોસણી હવઇ.'

પછઇં પુલાકિ આપણી પુત્રી દીધી, માસ એક તિહાં રાખિઉં. તિસઇ નગરનઉ રાજા અપુત્રીયઉ મૂઅઉં. પંચ [5]દિવ્ય અધિવાસ્યાં. રાજ ભીમનઇં હૂઅઉં. ઇણિ કારણિ સુલક્ષણે કરી [6]નર ભાગ્યવંત હૂયઇં (છ).

सहाव-लट्ठा सम-प्पइट्ठा, अदोस-दुट्ठा गुणेहिँ जिट्ठा।
पासाय सिट्ठा तवेण पुट्ठा, सिरीहिँ इट्ठा रिसीहिँ जुट्ठा ॥ ३३ ॥
—वाणवासिआ ॥

સહાવ૦ સ્વભાવઇ કરી, **લષ્ટ**=શોભન છઇં. **સમઇપઇટ્ઠા** સમાઅસ્થિપુટ – ભૂમિકાનઇં વિષઇં, **પ્રતિષ્ઠ**= [7]તરસ્યા છઇં, **અદોસદુટ્ઠા૦** રૂક્ષ[8]-વિષમાદિ દોષે કરી દુષ્ટ નથી. અથવા રાગદ્વેષાદિકે વિકાર નહીં પામ્યા. **ગુણેહિં જિટ્ઠા૦** સ્નિગ્ધ= સકોમલાદિ ગુણે કરી જેષ્ટ=પ્રધાન. અથવા જ્ઞાન-દર્શન-ચારિત્રે કરી પ્રશંસનીય છઇં. **પસાયસિટ્ઠા૦** સિદ્ધા રાગ દ્વેષાદિકનઇં ક્ષયિ કરી જે નિર્મલાઇ રૂપ પ્રસાદ તિણિ કારણિ શ્રેષ્ઠ ઉત્તમ છઇં, **તવેણ પુટ્ઠા૦**=દ્વાદશ પ્રકારિ કરી **પુષ્ટ**=ભરિયા છઈ,

---

૧. ભાગ્યાધિક **આ૦** ૨. પીડિત હૂંતઉ **આ૦** ૩. પૂછિઉ **આ૦**
૪. ઊર્ધ્વકેસરી રેખા **આ૦** ૫. દવ્ય **અ૦** ૬. વર **અ૦**
૭. તરહ્યં છઇં **આ૦** ૮. રૂષ્ય **અ૦**

1સરીઇં ઇટ્ઠા૦ શ્રી = લક્ષ્મી દેવતાઇં પૂજ્યા છઇ અથવા શોભા તિણિ કરી ઇષ્ટ છઇં. રિસીહિં જુટ્ઠા૦ અનેક ઋષીસ્વરે જુટ્ઠા = નિરંતર સેવ્યા છઇં (૩૩) (વાણુવાસિકા છંદ).

તવેણ પુટ્ઠા૦ ઊપરિ સહસ્રમલ્લ – દૃષ્ટાંત —

તપલગી સર્વ પુષ્ટિ મોક્ષાંગ–ફલ પામીયઇ. જિમ કોસંબી-નગરી[૧]. તિહાં સહસ્રમલ્લ વસઇં, મહા–કૂડ–કપટ–નઉં નિધાન. તિણિ અન્યદા રત્નસાર–શ્રેષ્ટિ હાટિ [૨]રત્નનઉ વ્યવસાય કરતઉં દેખી રાત્રિ ચોરીયઇ પઇઠઉ. હાટ–માહિ રત્નસારનઉ પુત્ર સૂતઉ હૂંતઉં, તેહનઇં પગ લાગા, તિણિં પગ ઝાલ્યાં. ખંચાખંચિ કરતાં પગ – ડીલ થાકઉં. ઘરિ આવી દુક્ખ કરિવા લાગઉં. તિવારઇં મા કહઇ – 'વચ્છા![૩] જુ ચોરી કીજઇં તઉ પીડા મનિ [૪]નાણીયઇ.'

પછઇ સયર સાજઈ હૂયઇ પરોહિતનઇ ઘરિ ખાત્ર દેઈ સર્વ વસ્તુ લીધી, પછઇ મા મોકલી – 'જો[૫], લોક સ્યું કહઇ છઈ?' મા પાણીહારિ – દંડઇ આવી વાત સાંભલઇ, જુ રાજાઈં પરોહિતના ઘરની વાત સાંભલી તલારનઈ રીસ કીધી, તેતલઇં [૬]નાવી નઇં ધનસાર શ્રેષ્ઠિઇં પ્રતિજ્ઞા કીધો જુ, 'અમ્હે ચોર ઝાલી આપિસું' એ વાત માઈં પુત્રનઇં કહી. પછઇ સહસ્રમલ્લ [૭]નાવી નઇં ઘરિ જઈ નખ ઊતરાવી [૭]નાવીનઉ પુત્ર સાથિ લેઈ સેષ્ઠિનઇ હાટિ આવી પટ્ટકૂલ લીધાં. તિવારઇ સેઠિ કહિઉં 'ધન દેઈ વસ્તુ લેઈ જાઅઉ', તિવારઇં સહસ્રમલ્લ કહઇ, 'એ માહરઉં પુત્ર ગ્રહણઈ [૮]રાખઉ જાં ધન લ્યાવઉ'. ઇમ કહી વસ્તુ લેઈ ગયઉ. તેતલઇં સંધ્યા પડિવા લાગી. [૯]નાવી પુત્રનઇ જોતઉ જોતઉ શ્રેષ્ઠિનઇં હાટિ આવ્યઉં, પુત્ર દેખી કહિઉં 'ઊઠિ'.

---

૧. ૦નગરીયઇં અ૦ ૨. રત્નઉ અ૦ ૩. જે ચોર કીજઇ અ૦
૪. તાણીયઇં અ૦ ૫. જા આ૦ ૬. ન્હાવી અનઈ આ૦
૭. ન્હાવી૦ આ૦ ૮. રાખઉ ધન અ૦ ૯. ન્હાવી૦ આ૦

સેઠિ કહઇ 'એ કઉણ?' [1]નાવી કહઇ–'માહરઉ પુત્ર', સેઠિ કહઇ–'તઉ મુસ્યાં ધન લેઈ [2]ગયાં ચોર' તે બિન્હઇ રાજા–કન્હલિ ગયા. પછઇ રાજા આપણપે નીકલિઉં ચોર ઝાલિવા, તીણઇં રાજાઈ મુસ્યઉ. પછઇ કેવલી સુધર્મસૂરિ આવ્યા. તિહાં રાજા [3]ચોર–આગલિ વાંદી બઇઠઉં. રાજા પૂછઇ–'ભગવન! ચોર એક નગરનઇં પીડઇ છઇં.' તિસઇ ભગવંતે ઉપદેશ દેવઉં માંડિઉં–'પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ–થકી એ જીવ સંસાર–માહિ રૂલઇં, વિશેષત[4] ચોરી થકઉં' તિસઇ ચોર ગુરૂનઇં વાંદી કહઇ–'ભગવન! હૂં ચોર, પણિ હિવ હૂં દીક્ષા લેસુ' ઇમ કહી રાજાનઇં આપણઇ ઘરિ તેડી, સર્વ વસ્તુ દેઈ, દીક્ષા લેઈ ઘોર તપ પડિવજિઉં. તે તપનઇં પ્રમાણિ સહસમલ્લ [5]કેવલજ્ઞાન પામી મોક્ષ ગયઉં. તેહ ભણી તપની પુષ્ટિ જોઇઇં (૭).

ते तवेण धुय-सव्व-पावया, सव्वलोअ-हिय-मूल-पावया।
संथुया अजिय-संति-पायया, हुन्तु मे सिव-सुहाण दायया
॥ ३४ ॥
— अपरांतिआ ॥

ત્રિભિર્વિશેષકૈ૦ તે કહીયઇ જે પૂર્વિંઇ વર્ણવ્યા. **તવેણ૦** તપઇ કરી **ધૂય૦** ધોયા સર્વ પાપ, શુભાશુભ કર્મરૂપ. **સવ્વ૦** સર્વ લોકનઇં હિતકારીઉં જે મોક્ષ, તેહનઉ મૂલ જ્ઞાનદર્શન–ચારિત્ર, તેહનઇં **પાવયા૦** પહુચાડણહાર, **સંથુયા૦** સ્તવ્યાં હૂંતા અજિતશાંતિના **પાયયા૦** પદકમલ. **હુંતિ૦** હુંઉં, **મે** મુઝનઇં, શિવસુખ = મોક્ષસુખનાં દાયક (૩૪) (અપરાંતિકા છંદ).

एवं तव-बल-विउलं, थुयं मए अजिय-संति-जिण-जुअलं।
ववगय-कम्म-रय-मलं, गई गयं सासयं विउलं ॥ ३५ ॥
— गाहा ॥

---

૧. ન્હાવી૦ આ૦ ૨. ચોર ગયઉ આ૦ ૩. ચોર સહૂ વાંદી આગલિ બઇઠઉ આ૦ ૪. વિશેષ તે આ૦ ૫. કેસૂરી હૂંય મોક્ષ ગયઉ આ૦

એવં૦ ઇસી – પરઇં, **તવબલ૦** તપ – બલિઇં કરી, **વિપુલ** = વિસ્તીર્ણં, **થુયં૦** સ્તવિઉ મઇં, અજિત – શાંતિ જિન તીર્થંકર તેહનઉં જુગલ, **વવગયા૦** ગિઉં, કમ્મં = જ્ઞાનાવરણીયાદિ અષ્ટવિધ, **રય** = રજ, બધ્યમાન કમ્મં અનઇ પૂર્વં બદ્ધ કમ્મં તે મલ કહીયઇં. ગઇં૦ ગતિ મોક્ષ – લક્ષણ, તિહાં **ગત** = પ્રાપ્ત છઇં **સાસયં૦** શાશ્વતં = સર્વકાલ, **વિમલ** = નિરુપમ છઇ (૩૫) (ગાહા).

तं बहु-गुण प्पसायं, मुक्ख-सुहेण परमेण अविसायं।
नासेउ मे विसायं, कुणउ अ परिसा विअ-पसायं ॥ ३६ ॥
— गाहा ॥

તં બહુ૦ તે અજિત–શાંતિ – [1]જિનનઉં યુગલ, કિસિઉ છઇં ? બહુ = ઘણા ગુણ જ્ઞાનાદિક તેહનઉં પ્રસાદ = નિર્મલપણઉં જેહનઇં. **મુક્ખ૦** મોક્ષ = મોક્ષનઇ સુખઇં, **પરમ** = પ્રધાન તિણિ કરી **અવિસાયં૦** [2]વિષાદ–રહિત. ઇણિ કારણિ **નાસેઉ૦** [3]નસાડઉ **મે** = માહરઉ વિષાદ, **ચ** = અનઇં, **કુણઉ ય–પરિસાવિય૦** પર્ષદ – અજિત–શાંતિ – સ્તવનની સાંભલણહારિ વિદ્વાંસની સભા, ગુણનઇં લેવઇં દોષ નઇ ઢાંકિવઇં, **પસાયં૦** પ્રસાદ કરઉં માહરઇ વિષઇ. (૩૬) (ગાથા).

'**નાસેઉ મે વિસાયં૦**' ઊપરિ દૃષ્ટાંત —

જિકો સ્વામીનઇ નમઇ તેહનઇં વિષાદ ભાજઇં, જિમ પૂર્વઇં પૂર્ણ શ્રેષ્ટિ મહા-ધર્મિષ્ટ. જિનભક્તિ કરતાં [4]ક્રમઇં તેહનઇં ચ્યારિ પુત્ર હુઆ. ચ્યારિઇં પરિણ્યા. કાલયોગઇ તે શ્રેષ્ટિ દાલિદ્રી હુયઉ. લોક હસઇ 'ધામી ! તુમ્હે દાલિદ્રી કાંઈ હૂઆ ?' ઘણી જિનભક્તિ કરતાં ઇસ્યઇ ચઉમાસઉં આવ્યઉં. શ્રેષ્ટિ સચિંત થકઉ ગુણાકર

---

૧. જેહનઉં આ૦ ૨. વિષાદ કરી રહિત આ૦ ૩. નઉસાઈડ આ૦
૪. ક્રમિ આ૦

સૂરિનઇ [1]ઈમ કહઇ – 'ભગવન ! કહઉ તઉ પ્રાણ છાંડઉં.' ગુરે પૂછિઈ – 'કાંઈ ?' કહઇ – 'લોક મુઝનઇ હસતાં જિનશાસનનઈ પણિ હસઇ. અનઇ આજ ચઉમાસઉં આવ્યઉં. કાંઇ વેચીયઈ નહીં, તઉ મામ જાયઇ.' ઇસિઈ ગુરુ ભણઇ – 'જિન આરાધિ જિમ સહૂ રૂડઉં હૂયઇ.' પછઇ રાત્રિઇ જિન-આગલિ[2] કાઉસગ્ગ લેઈ રહિઉં. પાછિલી રાત્રિઇ જિનનઉં અધિષ્ટાયક ભક્તિ દેખી તૂઠઉં– 'કાંઈ ચિંતા કરઉ ? ઘરિ જા, ખાટલાના ચ્યારિ પાઇયાં [3]હેઠલિ નિધાન છઇ.' પછઇ ઘરિ જઈ ખણઇં તઉ ચ્યારિ કલસ સોનઇએ ભરિયા નીકલ્યા. તિણિ કરી શ્રેષ્ટિ ધનવંત હૂઅઉ, મહુત્વ પામિઉં. ઈણિ કારણિ જિનનઇ નમતાં વિષાદ નાસઈ. (૭)

तं मोएउ अ नंदिं, पावेउ नंदिसेणमभिनंदिं ।
परिसा वि अ सुह-नंदिं, मम य दिसउ संजमे नंदिं ॥ ३७ ॥
— गाहा ॥

તં મો० તે અજિત-શાંતિજિન-યુગલ, જિનયુગલ. **મોએઉ०** = હર્ષ દિઉં, અનઇ **નંદિ** = સમૃદ્ધિ, તે **પાવેઉ** = પહૂચાડઉ, [4]ભવ્ય લોકનઇ, નંદિષેણ કવિનઇ **અભિનંદિ०** સર્વ પ્રકારિ સમૃદ્ધિ પહુચાડઉ, **પરિસાએ વિ એ०** સ્તવનનાં સાંભલણહાર લોક – સભાનઇ **સુહ – નંદિ०** સુખની વૃદ્ધિ દિઉ. **મમ०** મુઝનઇ સ્તવણહાર – નઇ **દિસઉ०** [5]દિસઉ. સંજમ–સત્તર ભેદનઇ વિષઇ સમૃદ્ધિ. ઈહાં નંદિષેણ કવિ શ્રેણિક –[6]સુત અથવા અનેરઉ કોઈ મહિષિ. કોઈએક વૃદ્ધ પુરુષ, ઇમ કહઇ – [7]'જિવારઇં શ્રી શત્રુંજય, તેહની ગુફાઇ શ્રી અજિત–શાંતિનાથ ચઉમાસિ રહિયાં હૂતાં પછઇ તે બિહુ તીર્થંકરના પૂર્વાભિમુખ દેહરાં હૂઆં. શ્રી અજિતનાથનઉ ચૈત્ય અણુપમ–સર–સમીપિ અનઇ શાંતિ·

---

૧. નમી આ० ૨. કાંઈ સઝા આ० ૩. હેઠિ આ० ૪. ભવ્યલોક० આ०
૫. દિઉ આ० ૬. પુત્ર આ० ૭. જઉ શ્રી શત્રુંજઈ આ०

નાથનઉ ચૈત્ય **મરુદેવા**-સ્વામિની-કન્હઇ. એકદા શ્રી નેમિનાથનઉં ગણધર નંદિષેણુ તીર્થયાત્રાઇં આવિઉં હૂતઉં. તિહાં એ અજિત-શાંતિજિન-સ્તવનની રચના કીધી. એતલા જિ લગઇ એહના મહાતમ્યની[1] આગિલી બિ ગાહ અનેરે બહુશ્રુતે કીધી, તે વખાણુઇં છઇ. (૩૭)

पक्खिअ-चाउम्मासिअ-संवच्छरिए अवस्स भणियव्वो।
सोअव्वो सव्वेहिं, उवसग्ग-निवारणो एसो ॥ ३८ ॥

પક્ખિઅ૦ પાખી **ચઉમાસે૦** ચઉમાસઉં, **સંવચ્છરિ૦** સંવચ્છરી પડિકમણાની રાત્રિઇં, અનઇ **દિયહે ય૦** દિવસનઇં પડિકમણઇં, **સોયવ્વો૦** સાંભલિવઉં, **સવ્વેસિં૦** સગલઇં સંઘઇં, જિણિ કારણિ એ સ્તવન સમસ્ત ઉપસર્ગ-નઇ નિવારણહાર. કિમ? એકદાં રાજગૃહી નગરિ મરુકોપદ્રવ ઊપનઇં ગુરૂ વીનવ્યા સંઘિ-'ભગવન! નગરિ રોગિઇં. [2]સંતાપ્યઉં,' પછઇં ગુરે શ્રી અજિત-શાંતિ-સ્તવ ત્રિકાલ-ગુણુવઉ દીધઉં, મરુકોપદ્રવ ગયઉ, શાંતિ ઊપની. તેહ ભણી કહિઉં (૩૮).

जो पढइ जो अ निसुणइ, उभओ कालंपि अजिय-संति-थयं।
न हु हुंति तस्स रोगा, पुव्वुप्पन्ना वि नासंति ॥ ३९ ॥

જો પઢઇ, જો અ નિસુણઇં૦ સાંભલઇં **ઉભઉ૦** ઉભય-કાલ = પ્રભાત-સંધ્યા-સમઇં, **અજિય-સંતિ૦** અજિતશાંતિ સ્તવન. **નવિ હુંતિ તસ્સ૦** તે પુરુષનઇ રોગ ન હૂઇં, અનઇં પૂર્વોત્પન્ન-પૂર્વહિં જે ઊપના છઇ રોગ તેહી જાઇં = નાસઇં. તેહ ભણી સદાઇ સ્તવન ગુણિવઉં. (૩૯)[3]

---

૧. મહાતપની આ૦ ૨. સંતાપિઉં આ૦ ૩. ગાથા ૩૯ પછી આ૦ પ્રતિમાં 'ઇતિ શ્રી અજિતશાંતિ સ્તવન-બાલાવબોધ: સમાપ્ત' એવી નોંધ છે.

એ શ્રી અજિત-શાંતિ-સ્તવનની વૃત્તિ **ગોવિંદાચાર્યે** કીધી છઇ, **શ્રી વર્ધમાનસૂરિની** પ્રાર્થના લગી. તિ પંડિત-જનનઇ યોગ્ય છઇ. પરં મંદ = મુગ્ધ - જનના અવબોધ - ભણી શ્રી **ખરતર-ગચ્છિ શ્રી જિનચંદ્ર સૂરિ** પટ્ટ-પ્રવર વિજયમાન ગુરૂ **શ્રી જિનચંદ્રસૂરિનઈ** આદેશિ **વા. રત્નમૂર્તિગણિ**-શિષ્ય **વા. મેરુસુંદર-ગણુઇ શ્રી અજિતશાંતિ સ્તવ-બાલાવબોધ** કીધઉ. તેહ કરતાં જિ પુણ્ય હુઇ તિણિ કરી મુઝ, સંઘ, સવિ-હું નઇ કલ્યાણ હુઉ.

ઇતિ શ્રી અજિતશાંતિ સ્તવન-બાલાવબોધ સમાપ્ત.

[લિપિકાર - પ્રશસ્તિ]

સંવત ૧૬૦૩ વર્ષે આસોજ વદિ નવમી શુભદિને શ્રી **અલવર** મધ્યે લિખિત લેખક **ગોરા.**

લિખાપિતં **ઋષિ મંદા** આત્મ-અધ્યયનાર્થે શ્રી ગ્રંથાગ્ર ૪૫૦ શ્લોક સંખ્યા અક્ષર ગિણુનયા. ભદ્રમસ્તુ

॥ શુભં ભૂયાત્ શ્રી શ્રમણસંઘસ્ય. કલ્યાણમસ્તુ શ્રી ॥

卐

મહત્ત્વપૂર્ણ શબ્દાર્થ–ટિપ્પણ

૧. અજિયં = શ્રી અજિતજિનને, બીજા તીર્થંકર શ્રી અજિતનાથ, જેઓ વિજયાદેવીના પુત્ર હતા. પોતાના પતિ જિતશત્રુ સાથે એક-વાર વિજયાદેવી પાસાની રમત રમવા લાગ્યાં ત્યારે જિતશત્રુ જીતી શક્યા નહિ. આનું કારણ ગર્ભનો પ્રભાવ હોવાનું જાણીને એમનું નામ અજિત પાડવામાં આવ્યું. 'આવશ્યક–નિર્યુક્તિ'માં કહ્યું છે કે જનની અક્ષ-ક્રીડામાં અજિત રહ્યાં તેથી અજિતજિન કહેવાયા.

કિસઉ = (**किद्दशः**) – કેવો.

કહીયઇ, કહુતા = કહેતાં.

અનઈ = અને.

શાંતિનાથ પાંચમઉ = સોળમા તીર્થંકર શાંતિનાથ. તેઓ બાર જૈનપ્રણીત બાર ચક્રવર્તીઓમાં પાંચમા ચક્રવર્તી પણ હતા.

સગલા = (**सकल**) સઘળા.

ઉપશમ્યા = ઉપશાંત થયા. જૈન પરિભાષા મુજબ ઉપશમ અર્થાત્ કર્મની ઉપશાંતિ – નાશ થવો તે પરથી.

જયગુરુ = (**जगद् गुरु**) – (બન્ને) જગદ્‌ગુરુઓને.

સંતિગુણકરે = વિઘ્નોનું ઉપશમન કરનારને.

૦રહિ = સંબંધ વિભક્તિનો પ્રત્યય – નો, ની, નુંના અર્થમાં.

કરણહાર = કરનારા.

દો વિ = [**द्वौ अपि**] બને પણ.

જિણવરે = [**जिनवरौ**] જિનવરોને, જિનેન્દ્રોને.

પણવયામિ = [**प्रणिपतामि**] પ્રણિપાત કરું છું.

નમસ્કરઉં = નમસ્કાર કરું. સંસ્કૃતની અસરથી ઉપજાવેલા ઉપશમવું, નમસ્કરવું વગેરે નામધાતુઓ ઉપાધ્યાય મેરુસુંદરમાં ઘણા જોવા મળે છે.

૨. **વવગય** = [**व्यपगत**] વિશિષ્ટ પ્રકારે ગયેલો.

વિરૂઅઉ = [**विरूप**] અસુંદર, અશોભનીય.

હઉં = હું.

એહવઉ = એવું.

નિરુવમ = [**निरुपम**] અનુપમ, ઉપમારહિત.
સ્તવિસુ = સ્તુતિ કરીશ.
કેવલજ્ઞાનિઈં = કેવળજ્ઞાન વડે. જૈનદર્શન અનુસાર પાંચ જ્ઞાનોમાં અંતિમ કેવળજ્ઞાન સર્વશ્રેષ્ઠ છે. કેવળજ્ઞાન એટલે સંપૂર્ણ જ્ઞાન.

૩. **સગલાઈ** = સઘળા, બધા.
ઊપનાં = [**उत्पन्न**] ઉપજ્યાં, ઉત્પન્ન થયાં.
પ્રતઇં = [**प्रति**] ને.
ઉપશમ = ક્રોધની ઉપશાંતિ, ક્ષમા.

૪. **કહિવરું** = કહેવું, કથન, કીર્તન.
અપરતિમ = અપ્રતિમ.
તાહરઉં = તમારું.
મૂલગઉં = [**मूलगतः**] શ્રેષ્ઠના અર્થમાં.

૫. **કાઈયાહિ** = કાયિક, આધિકરણીક આદિ ૨૫ ક્રિયાઓ. ક્રિયા [**प्रा. किरिया**]ના ભેદો અને સમજૂતી માટે જુઓ **अभिधान राजेन्द्र कोश, खण्ड–३, पृ. ५३३**.

નવતત્ત્વ-પ્રકરણમાં કહ્યું છે –

" **इंदिय कसाय–अव्वय–जोगा, पंच चउ पंच तिन्नि कमा।**
किरियाओ पणवीसं, इमाओ ताओ अणुक्कमसो ॥१७॥

ઇન્દ્રિયો, કષાયો, અવ્રતો અને યોગો અનુક્રમે પાંચ પ્રકારે, ચાર પ્રકારે, પાંચ પ્રકારે અને ત્રણ પ્રકારે છે તથા ક્રિયાઓ પચીસ પ્રકારે છે.

સાંચિઉં = [**संचित**] એકત્ર થયેલા.
ઉપાર્જિઉં = ઉપાર્જિત કરેલા.
મેલ્હાવણહાર = મુકાવનાર, મુક્તિ અપાવનાર.
કિસ્યઈં = [**कीदृशैः**] કેવા.
વાંદિવા = વાંદવા, વંદન કરવા.
અણિમાદિકા સિદ્ધિ = અણિમા વગેરે સિદ્ધિ. મહામુનિને મુખ્યત્વે આઠ પ્રકારની યોગસિદ્ધિ પ્રાપ્ત થાય છે. આ સિદ્ધિથી એ બધા પ્રાણીઓને વશ કરી શકે છે. આ આઠ સિદ્ધિ આ પ્રકારે છે: (૧) અણિમા – અણુરૂપ થવાની સિદ્ધિ. (૨) મહિમા – મેરુથી પણ મોટું શરીર કરવાની શક્તિ. (૩) ગરિમા – અત્યંત ભારે થવાની

શક્તિ. (૪) લઘિમા – વાયુથી પણ હલકા થવાની શક્તિ. (૫) પ્રાપ્તિ – ઇચ્છામાત્રથી દૂર રહેલા પદાર્થોને પ્રાપ્ત કરવાની શક્તિ. (૬) પ્રાકામ્ય – ઇચ્છા પ્રમાણે વર્તી શકવાની સિદ્ધિ. આ સિદ્ધિથી યોગી ભૂમિમાં ડૂબકી મારી શકે છે અને પાછો બહાર નીકળી શકે છે તથા પાણી ઉપર જમીનની માફક ચાલી શકે છે. (૭) ઇશિત્વ – સર્વ વસ્તુ પર પ્રભુત્વ કરવાની સિદ્ધિ. આ સિદ્ધિથી યોગી તમામ વસ્તુ પર પ્રભુત્વ ધરાવે છે. (૮) વશિત્વ – સર્વને વશ કરવાની સિદ્ધિ.

પહુતઉ = પહોંચ્યો.

મુઝરહિં = મારું.

નમસ્કરિવઉં = નમસ્કાર કરવાની ક્રિયા.

૬. **વારિવઉં** = વારણ, વારવું – વારવાની ક્રિયા.

સૌખ્યનઉ = સુખનું.

ભાવઈતઉ = ભાવપૂર્વક.

સરણિ = [**शरणम्**] શરણને, રક્ષણને.

પડિવજઉ = [**प्रपद्यध्वम्**] અંગીકાર કરો, પ્રાપ્ત કરો.

જૂજૂઅઉ = જૂજવો, જુદો જુદો.

૭. **અરતિ** = ઉદ્વેગ, વિષાદ.

રઈ = [**रति**] હર્ષ.

ઉહટિઉં = [**सं. अप + घट्ट = प्रा. ओहट्ट** = ઓછું થવું–પરથી સ. ભૂ. કૃ.] ઓછું થયું, ગયું.

નય નૈગમાદિક = બીજી અપેક્ષાઓનો વિરોધ ન કરતાં પોતાને ઇષ્ટ ધર્મનું પ્રતિપાદન કરે તેને સુનય કહેવામાં આવે છે. આ સુનયના દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એવા બે ભેદો છે, તેમાં દ્રવ્યાર્થિકના ચાર પ્રકાર છે: (૧) નૈગમ, (૨) સંગ્રહ, (૩) વ્યવહાર અને (૪) ઋજુસૂત્ર. પર્યાયાર્થિકના ત્રણ પ્રકાર છે: (૫) શબ્દ, (૬) સમભિરૂઢ અને (૭) એવંભૂત. આ બંને મળી સાત પ્રકારો છે. વળી એ દરેકના સો–સો પ્રકારો છે, એટલે કુલ નયો ૭૦૦ થાય છે. એટલું જ નહિ પણ દરેક વચન એક પ્રકારનો નય છે, એમ ગણીએ તો તેની સંખ્યા અમર્યાદિત થાય છે. નયના 'નિશ્ચયનય', 'વ્યવહાર-નય', 'ક્રિયાનય' જેવા બીજી રીતે પણ પ્રકારો પાડવામાં આવે છે.

આ માટે જુઓ : 'નયચક્ર', 'નયપ્રદીપ', 'નયરહસ્ય', 'સમ્મતિ તર્ક', 'વિશેષાવશ્યક ભાષ્ય, સ્યાદ્વાદ-રત્નાકર' વગેરે.
ડાહુઉ = ડાહ્યો.
શરણિ = શરણને.
આશ્રઈ = આશ્રયને.
મહિત = પૂજાયેલા.

૮. તીર્થંકર = ધર્મરૂપી તીર્થને સ્થાપનાર.
સત્ત્વ = પરાક્રમ.
ધરઈ = ધારણ કરનાર.
નિમાયિપણઉં = માયા-કપટ-રહિતપણું.
સમાધિ = ચિત્તની પ્રસન્નતા.
તીણઈ = તેના વડે.
મુણી = [પ્રા. મુણ = જાણવું, તે પરથી] જાણનાર, સર્વજ્ઞ.
શાંતિ = ઉપદ્રવરહિત સ્થિતિ.
વર = શ્રેષ્ઠ.
દિઉ = આપો.

૯. સંસ્થાન = આકૃતિ, બંધારણ આ આકૃતિ છ પ્રકારની હોય છે :
(૧) સમચતુરસ્ર (૨) ન્યગ્રોધપરિમંડલ (૩) સાદિ (૪) વામન (૫) કુબ્જ (૬) હુંડક.
સરીખઉં = સમાન, અવિષમ.
મયવંત = મદવંત, મદ ગળતો.
કરતઉં = કરતો.
વર્ણવિવઉં = વર્ણવવાને.
સૂંડિ = [સં = शुण्डा] સૂંઢ.
પરઇં = પેરે, પેઠે.
ધમિઉં = [સં = ध्मात, પ્રા. = धमिय] ધમેલું, અગ્નિથી તપાવેલું.
લક્ષણે કરી = છત્ર ચામરાદિ સામુદ્રિક ચિહ્નોવાળું.
કરણહારિ = કરનારી. કરણહારનું સ્ત્રીલિંગ.

૧૦. વયરી = વેરી.
પ્રણમઉં = [સં = प्रणम् પરથી] પ્રણમું છું.

સ્તવતાં = સ્તવ કરાતાં.

ઉપશામાવઉ = ઉપશાંત કરો, શમાવો.

૧૧. કુરુ = કુરુ નામનો દેશ. પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવના એકસો પુત્રમાં એક કુરુ નામનો પુત્ર હતો. એણે જે પ્રદેશ પર રાજ્ય કર્યું તે કુરુક્ષેત્ર કહેવાયું અને તેના નામથી રાષ્ટ્ર પણ કુરુ તરીકે પ્રસિદ્ધ થયું. શ્રી જિનપ્રભસૂરિના 'હસ્તિનાપુર-કલ્પ'માં પણ આવો ઉલ્લેખ મળે છે.

જનપદ = દેશ. લોકોના પદો એટલે કે રહેઠાણો જ્યાં આવ્યાં હોય તે જનપદ.

તિવાર પછઈ = ત્યાર પછી.

જિણઈ = જેણે.

ભરત = ભારતવર્ષ.

મહાંત = મોટું.

બહુત્તરિ = બોંતેર.

નગર = અહીં નગરની પ્રાચીન વ્યાખ્યા આપી છે અને તે છે જ્યાં કર નહિ તે નગર.

નિગમ = વેપારીઓની વસ્તીવાળું ગામ.

રાજવરે = ઉત્તમ રાજાઓ.

સહસ્ર = સહસ્ર, હજાર.

કેડઇં = કેડે, પાછળ.

અનુયાત = અનુગત, પાછળ ચાલતા.

ચઉદ મહારત્ન = જૈન માન્યતા પ્રમાણે ભરત આદિ બાર ચક્રવર્તીઓ થઈ ગયા. દરેક ચક્રવર્તીને ચૌદ રત્નની વિના પ્રયાસે ઉપલબ્ધિ થતી. આ ચૌદ રત્ન આ પ્રમાણે છે:

(૧) સેનાપતિરત્ન = ચક્રવર્તીની સહાય વિના પણ કેટલાક દેશો જીતે તેવો સેનાપતિ.

(૨) ગાથાપતિ(ગૃહપતિ)રત્ન = ભોજનસામગ્રી અને ફળફૂલ વગેરે આહારસામગ્રી પૂરી પાડનાર ગૃહપતિ.

(૩) પુરોહિતરત્ન = શાંતિકર્મ તથા અન્ય ધાર્મિક વિધિઓ કરાવનાર પુરોહિત.

(૪) અશ્વરત્ન = ઉત્તમ પ્રકારનો અશ્વ.

(૫) ગજરત્ન = ઉત્તમ જાતિનો હાથી.

(૬) વર્ધકિરત્ન = દરેક પ્રકારનું બાંધકામ કરનાર અને પુલો બનાવનાર.

(૭) સ્ત્રીરત્ન = ચક્રવર્તીની પટરાણી થવાને યોગ્ય સ્ત્રી.

(૮) ચક્રરત્ન = બધાં શસ્ત્રોમાં શ્રેષ્ઠ અને શત્રુનો પરાજય કરનારું શસ્ત્ર.

(૯) છત્રરત્ન = મસ્તક પર ધારણ કરવાનું મનોહર છત્ર.

(૧૦) ચર્મરત્ન = નદી, સરોવર વગેરેને પાર કરવામાં ઉપયોગી થાય તેવું ચામડાનું વિશિષ્ટ પ્રકારનું સાધન.

(૧૧) મણિરત્ન = ઘણે દૂર સુધી પ્રકાશ આપનાર અને રોગ હણનાર અદ્ભુત મણિ.

(૧૨) કાકિણીરત્ન = મજબૂત ખડ્ગને પણ કોરી શકે તે પ્રકારનું સાધન.

(૧૩) ખડ્ગરત્ન = ઉત્તમ પ્રકારની તલવાર.

(૧૪) દંડરત્ન = જમીનને ઝડપથી ખોદીને સપાટ કરનારું હથિયાર.

આ ચૌદ રત્નો દ્વારા ચક્રવર્તી રાજ્યનો વિસ્તાર કરવા અને એની રક્ષા કરવા ઉત્તમ પ્રકારે સમર્થ બને છે.

નવ મહાનિધિ = ચક્રવર્તીને નવ નિધિઓ પણ અનાયાસ ઉપલબ્ધ થાય છે. આ નવ મહાનિધિ આ રીતે છે :

"णेसप्पे पंडुयए, पिंगलए सव्वरयण महापउमे ।
काले य महाकाले, माणवग महानिहि संखे ॥"

(૧) નૈસર્પ, (૨) પાંડુક, (૩) પિંગલક, (૪) સર્વરત્ન, (૫) મહાપદ્મ, (૬) કાલ, (૭) મહાકાલ, (૮) માણવક અને (૯) શંખ.

પ્રવચનસારોદ્ધારની ટીકામાં કહ્યું છે કે આ નવ નિધિઓને વિષે શાશ્વત કલ્પનાં પુસ્તકો હોય છે અને તેમાં વિશ્વ-સ્થિતિનું કથન કરેલું હોય છે.

નૈસર્પનિધિના કલ્પોમાં ગ્રામ, આકર, નગર, પાટણ, દ્રોણમુખ, મડંબ, સ્કંધાવાર, ગૃહ વગેરેની સ્થાપનાનો વિધિ દર્શાવેલો હોય છે. પાંડુકનિધિના કલ્પોમાં ગણિત, ગીત, ચોવીસ પ્રકારનાં ધાન્યનાં બીજ તથા તેની ઉત્પત્તિના પ્રકાર વર્ણવેલા હોય છે. પિંગલકનિધિના કલ્પોમાં પુરુષ, સ્ત્રી, હાથી, ઘોડા વગેરેનાં આભરણો બનાવવાનો વિધિ વર્ણવેલો હોય છે. સર્વરત્નનિધિના

કલ્પોમાં ચક્રવર્તીનાં ચૌદ રત્નોનું વિગતવાર વર્ણન હોય છે; મહાપદ્મનિધિના કલ્પોમાં વસ્ત્ર તથા રંગની ઉત્પત્તિ, તેના પ્રકાર, તેને ધોવાની રીતો તથા સાત ધાતુઓનું વર્ણન હોય છે; કાલનિધિના કલ્પોમાં સમગ્રકાલનું જ્ઞાન (જ્યોતિષ), તીર્થંકરાદિના વંશનું કથન, તથા સો પ્રકારનાં શિલ્પોનું વર્ણન હોય છે; મહાકાલનિધિના કલ્પોમાં લોહ, સુવર્ણ, મુક્તા, મણિ, સ્ફટિક, પરવાળાં વગેરેના વિવિધ ભેદો અને તેની ઉત્પત્તિ વગેરેનું વર્ણન હોય છે; માણવકનિધિના કલ્પોમાં યોદ્ધાઓની ઉત્પત્તિ, શસ્ત્રસામગ્રી, યુદ્ધનીતિ તથા દંડનીતિ વગેરેનું વર્ણન હોય છે; તથા શંખનિધિના કલ્પોમાં ગદ્ય, પદ્ય, નૃત્ય, નાટક વગેરેનું વિગતવાર વર્ણન હોય છે.

ચઉરાસી = ચોર્યાસી.
છયાણવઈ = છન્નુ.
કોડિ = કરોડ.
ગામનઉ = ગામના.
હૂયઉ = હતા.

૧૨. **ભઈતઉ** = ભયમાંથી.
પારિ = પાર.
પહુતઉ = પહોંચેલા.

૧૩. **ઈક્ષ્વાક** = ઇક્ષ્વાકુ. પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવનો વંશ ઇક્ષ્વાકુ કહેવાય છે. આ વંશ સ્થાપન વખતે ઇંદ્ર ઇક્ષુ (શેરડી) લઈ આવ્યા. ભગવાને તેની ઇચ્છા કરી હતી અને તેથી તે ઇક્ષ્વાકુ કહેવાયા. આ વિશે વિશેષ વિગત ત્રિષષ્ટિશલાકા-પુરુષ–ચરિત્રના પ્રથમ પર્વના બીજા સર્ગમાં મળે છે.
શિરતકાલ = શરદકાળ.
ફેડિઉ = ફેડયું, દૂર કર્યું.
રજ = કર્મરૂપી રજ.
અપરમિત = અપરિમિત.
બલ = આત્મબળ. તીર્થંકરો અપરિમિત બળવાળા હોય છે.
વિપુલ કુલ = વિશાળ પરિવાર. શ્રી અજિતનાથ ભગવાનના ધાર્મિક કુલમાં ૯૫ ગણધર, ૨૨૦૦ કેવળી, ૧૪૧૦ મનઃપર્યયજ્ઞાની, ૯૪૦૦ અવધિજ્ઞાની, ૩૭૫૦ ચૌદપૂર્વી, ૧૨૪૦૦ વાદી, ૨૦૪૦૦ વૈક્રિય-

લબ્ધિવાળા, ૧૦૦૦૦૦ સાધુઓ, ૩૩૦૦૦૦ સાધ્વીઓ, ૨૯૮૦૦૦ શ્રાવકો અને ૫૪૫૦૦૦ શ્રાવિકાઓનો સમૂહ હતો.

મૂરણ = ચૂર્ણ કરનારા, ભાંગનારા.

ચૂરણહાર = ચૂર્ણ કરનાર, નાશ કરનાર.

જગત્રય નઈ શરણ = ત્રણે જગતના શરણરૂપ.

સ્તવણહાર = સ્તવન – સ્તુતિ કરનાર.

વર્તઇં = વર્તે છે, છે.

૧૪. **વંધમાન** = વંદન કરવા યોગ્ય.

ધમ્યા = ધમેલા, તપાવેલા.

રૂપાનઉં – રૂપાનું.

પાટકૂં = પાટ.

સ્નિગ્ધ = ચીકણી, ચકચકિત.

મરુકોપદ્રવ = મરકીનો ઉપદ્રવ, રોગચાળો.

ભણી = માટે [શાંતિ ભણી = શાંતિ માટે].

ફિરણીયઈ = પ્રદક્ષિણા કરી.

ચેટાંગુલી = [ચેટ + અંગુલી] નાની આંગળી.

સ્વાસ્થ્યપણઉં = સ્વસ્થતા. ['સ્વસ્થ' પરથી બનેલું ભાવવાચક નામ] સ્વાસ્થ્ય ને પુનઃ 'પણઉ'–[પણું] પ્રત્યય.

૧૫. **પાહઇં** = ના કરતાં.

કન્હલિ = કને, પાસે.

વિગતિ = વિકૃતિ.

આગલિ = આગળ.

આવિસ્યઈ = આવશે.

૧૬. **કુણિહી** = કોઈએ પણ.

તપ = ૭ પ્રકારના બાહ્ય અને ૭ આભ્યંતર એમ તપના બાર ભેદ જૈનોમાં છે. આમાં અનશન, અવમૌદર્ય, વૃત્તિપરિસંખ્યાન, રસપરિત્યાગ, વિવિક્તશય્યાસન અને કાયક્લેશ એ બાહ્ય તપ છે. અને પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, વ્યુત્સર્ગ અને ધ્યાન એ આભ્યંતર તપ છે.

સંજમ = સંયમ. સંયમના સત્તર પ્રકાર પ્રસિદ્ધ છે. જોકે તે જુદી જુદી રીતે મળે છે જેમકે પાંચ ઇંદ્રિયોનો નિગ્રહ, પાંચ અવ્રતનો

ત્યાગ, ચાર કષાયનો જય અને મન, વચન અને કાયાની વિરતિ એ સત્તર; તેમ જ પાંચ સ્થાવર અને ચાર ત્રસ એ નવના વિષયમાં નવ સંયમ, પ્રેક્ષ્યસંયમ, ઉપેક્ષ્યસંયમ, અપહૃત્યસંયમ, પ્રમૃજ્યસંયમ, કાર્યસંયમ, વાક્સંયમ, મનઃસંયમ અને ઉપકરણ-સંયમ એ કુલ સત્તર થાય.

૧૭. **શરત્કાલનઉ** = શરદ ઋતુનો.
સરીખાઈપણઉં = સરખાપણું.
ધરણીધરપતિ = મેરુ પર્વત.

૧૮. **કરણહાર** = કરનાર, પ્રવર્તાવનાર.
ચૌદ રજ્જવાત્મક લોક = જૈન ભૌગોલિક માન્યતા મુજબ સ્વયંભુ-રમણ સમુદ્રની પૂર્વ–પશ્ચિમ વેદિકાના છેડાથી દક્ષિણ–ઉત્તર વેદિકા સુધીનો ભાગ એક રજ્જુ પ્રમાણ ગણાય છે. તેવા ચૌદ રજ્જુના પ્રમાણનો સમગ્ર લોક બનેલ છે.
સમોસરણ = સમવસરણ, તીર્થંકરની ધર્મસભા. તેની રચના દેવતા કરે છે તેવી માન્યતા છે.
પોલિ = [સં. **प्रतोली**, प्रा. **पओली**] પોળ.
પરષદા = પરિષદ, તીર્થંકર પાસે ધર્મશ્રવણ માટે એકત્ર થયેલ જનમેદની.
ધૂપઘટી બહકઇ = [**सं. धूपघटी, प्रा. धूवघडी**] ધૂપદાનીઓ મહેકી રહી છે.
દેવદુંદુભિ દહકઈ = દેવદુંદુભિ ધબકે છે, વાગે છે.
ત્રિપદી = ત્રણ પદરૂપી સિદ્ધાંત. પર્યાયની દૃષ્ટિએ પદાર્થની ઉત્પત્તિ થાય છે, વિપત્તિ – વિનાશ થાય છે. તો દ્રવ્યની દૃષ્ટિથી પદાર્થ ધ્રુવ છે – આ ત્રણ પદ ઉત્પત્તિ – વિનાશ અને ધ્રૌવ્યનો સિદ્ધાંત.
ગણધર મહાત્મા = તીર્થંકરના પટ્ટશિષ્ય, જે ગણ એટલે કે મુનિ-સમૂહના ધર એટલે ધારણ કરનાર – નાયક છે.
તિગરણ = ત્રિકરણ. મન, વચન અને કાયા એ ત્રણ દ્વારા થતી પ્રવૃત્તિ જૈન સિદ્ધાંતમાં ત્રિકરણ તરીકે ઓળખાય છે.
કર્મકર = કામ કરનાર, નોકર.
પ્રસ્તાવિ = પ્રસ્તાવે, પ્રસંગે.
નદી પૂરિ આવી = નદીમાં પૂર આવ્યું.

નીમ= નિયમ, વ્રત.

પારિઉં = પાર્યું, પૂર્ણ કર્યું.

નદી પારિ થઈ= નદીનું પૂર ઊતરી ગયું.

પ્રાંત= પ્રાન્તે – અંતે.

બિંબ= મૂર્તિ.

વિસૂચિકા= [સં. **विशूचिका**] મરડો.

પંચદવ્ય આધિવાસ્યાં= પંચ દિવ્ય અર્થાત્ પાંચ પ્રકારની દૈવી કસોટીઓ દ્વારા નિર્ણય કર્યો.

પહિરિઉં = પહેરાવ્યું.

૧૯. **રિષિના ત્રણ**= ઋષિઓનો સમૂહ. જે પુરુષ જ્ઞાન વડે સંસારનો પાર પામે, તે ઋષિ કહેવાય છે. '**ऋषति ज्ञानेन संसार – पारमिति ऋषिः।**' સમવાયાંગસૂત્રની ટીકામાં કહ્યું છે કે '**गणधर-व्यति-रिक्ताः शेषाः जिनशिष्या ऋषयः इति**' – ગણધર સિવાયના બાકીના જિનશિષ્યોને ઋષિ જાણવા.

વાણીયઇં= વાણીએ, વાણી વડે.

ચારણ – શ્રમણ= જૈન શાસ્ત્રોમાં આકાશમાં ફરવાની શક્તિને ચારણ-લબ્ધિ કહેવામાં આવે છે. તે શક્તિ જેમની પાસે છે તેવા શ્રમણ મુનિઓ.

નાંદઈ= [**नन्दति**] આનંદ કરે છે.

મિથ્યાત્વી= મિથ્યાદૃષ્ટિ, ધર્મ પ્રત્યે અશ્રદ્ધા રાખનાર.

અવર્ણવાદ= નિંદા.

ખીલઉ અનેથિ સબલ ગાડઉ= ખીલો અન્ય સ્થળે સબળ ગાડો – ખીલો બીજી જગ્યાએ બળપૂર્વક નાખો.

નમસ્કરિવા= નમસ્કાર કરવા (હેત્વર્થ).

૨૦. **અસુરકુમાર**= અસુરકુમાર દેવો.

વ્યંતર-વિશેષ= વ્યંતર જાતિના એક પ્રકારના દેવ.

ઉરગ= મહોરગ, તે પણ વ્યંતર જાતિના એક દેવ છે.

પરિસમંતાદ્= સમસ્ત પ્રકારે વંદાયેલા, વિધિપૂર્વક વંદાયેલા.

૨૧. **પરાભવ્યઉ**= પરાભવ પામેલા.

અધિષ્ટાઇકિ= અધિષ્ઠાયકનું સ્ત્રીલિંગ.

ચિહુ ગાહે= ચાર ગાથા વડે.

૨૨. **વર-વિમાન** = શ્રેષ્ઠ વિમાન. આ વિમાનો ત્રણ પ્રકારનાં હોય છે: એક પ્રકાર તે અવસ્થિત જે કાયમ પોતાના સ્થાને જ રહે છે, બીજો પ્રકાર તે વિકુર્વિત જે દેવોએ ક્રીડા કરવા માટે વૈક્રિય શક્તિથી બનાવેલાં હોય છે અને ત્રીજો પ્રકાર તે પારિયાનિક વિમાનો જે દેવોએ ઊર્ધ્વલોકમાંથી તિર્યગ્લોકમાં આવવા માટે પોતાની જાતે બનાવેલાં હોય છે. એના પાલક, પુષ્પક વગેરે અનેક પ્રકારોનું શાસ્ત્રોમાં વર્ણન છે. અહીં ત્રીજા પ્રકારનાં પાલકાદિ વિમાનોની વાત છે.

ઊતાવલઉં = ઉતાવળે.
સ્વર્ગઇતઉ = સ્વર્ગથી.
હેઠઉં = નીચે.
લોલાયમાન = ડોલાયમાન.
ઉરહા-પરહા = આમ તેમ.
બહિરખા = બેરખા.
માલ્યદામ = માળા.

૨૩. **વયર** = વેર.
એકઠા મિલ્યા = એકઠા થયા.
સુષ્ટ = [**સં. સુષ્ટુ**] સારી રીતે.
ઉત્તમ કાંચન = જાંબુનદ જાતિનું સુવર્ણ કે જેનો ઉપયોગ દેવતાના આભૂષણ માટે થાય છે.
ઉત્તમ રત્ન = હીરા, મણિ, મોતી વગેરે તેના વજ્ર, ઇન્દ્રનીલ, પદ્મરાગ, પુલક, વિમલ, કરરાજ, સ્ફટિક, શશિકાંત, સૌગન્ધિક, ગોમેદક, શંખ, મહાનીલ, પુષ્પરાગ, બ્રહ્મમણિ, મુક્તા વગેરે ભેદો પ્રસિદ્ધ છે.

૨૪. **વાંદી કરી** = વંદીને.
સ્તવી કરી = સ્તુતિ કરીને.
તિવાર = તો.
ત્રિણિવાર = ત્રણ વાર.
પ્રદક્ષણા દેઈ = પ્રદક્ષિણા દઈને – કરીને.
હર્ષિયા હુંતા = હર્ષિત થયેલા.
મહુત્ત્વ = મહત્ત્વ, મહત્તા.

અઠીલિ = બેડી.
ભાગી = તૂટી.

૨૫. **વિમાનવાસી** = સ્વર્ગમાં વસનારા, દેવ.
બિહૂં ગાહે = બે ગાથાઓ વડે.

૨૬. **વિચરિવઉં** = વિચરનારી.
પુટ્ઠા = પુષ્ટ.

૨૭. **નિવડ** = [**सं = निबिड**] ઘન.
સયર = શરીર.
કડિ = કટિ, કેડ.
કિંકણી = [**किङ्किणी**] ઘૂઘરી.
કાંકણ = કંકણ.
ચઉમાસી નેમ = ચાતુર્માસિક નિયમ.
અહુણ = હમણાં.
પરિ = પેરે, જેમ.
જીપી = જીતી.
દોહિલઉ = [**दुर्लभ**] દોહ્યલું, દુષ્કર.
તઈં નહી પલઈ = તારા વડે નહીં પળાય.
તઉ હિ = તોપણ.
બલાત્કારિ = [**बलात्कारे**] પરાણે.
'ધર્મલાભ' દીધઉ = 'ધર્મલાભ' દીધો. ગૃહસ્થના ઘેર ભિક્ષાદિ માટે જતાં જૈન મુનિઓ 'ધર્મલાભ' એવો આશીર્વાદ ઉચ્ચારે છે.
બાપડઉ = બાપડો.
વ્યામોહિઉ = [**व्यामोहितः**] મોહિત થયો.
કાંબલઉ = કાંબળો.
બાલ = બાળ.
અજાણપણઉ = અજ્ઞાન.
એતલઉ = એટલું.
વિરાધિઉ = વિરાધિત કર્યું, દૂષિત – કલંકિત કર્યું.
પ્રતિબૂધઉ = પ્રતિબોધ – ઉપદેશ આપી જાગૃત કર્યા.
આલોયણ = આલોચના, પ્રાયશ્ચિત્ત

૨૮. **કિસી** = કેવી.
નિલાડે કરી = લલાટે કરી, કપાળે કરી.
માંડણાંની રચના = શરીરનાં અંગો પર છૂંદણાં આદિની રચના.
ટબકાં = ટપકાં, આકૃતિઓ.

૨૯. **સામાન્ય કેવલી** = કેવળજ્ઞાન પ્રાપ્ત કરનાર તે કેવળી. તેના બે પ્રકાર હોય છે. એક, તીર્થંકર જે ધર્મ-સંઘરૂપ તીર્થની સ્થાપના કરે અને બીજા તે સામાન્ય કેવળી જેમાં તીર્થંકર સિવાયના બીજા કેવળજ્ઞાનીઓનો સમાવેશ થાય છે.
ફેડિયાં = નાશ કરનાર.
વલ્લભઈ થકઉ = વહાલો હોવા છતાં.
તિસ્યઈ = તેવામાં.
ઉષધ = ઔષધ.
ઉપયાચના માનઈ = માનતા માને છે.
ગુણ ન ઉપજઈ = ગુણ – ફાયદો ન થયો.
વિહાર કરતઉ = વિહાર કરતાં કરતાં.
ભાંડાગાર = મોટો ભંડાર.
સ્યાં = કેવાં ?
સૂકડિ = સુખડ, ચંદન.
ડીલિ = શરીરે.
દેહરાની ભીતઇ = દેરાસર – જિનમંદિરની ભીંતે.
લૂહતઉ = લૂછતો.
સિસ્યા = [**શિક્ષા**] શીખ, શીખામણ.
કર્મની ઉપાર્જના લગી = કર્મ કરવાને કારણે.
સ્વાન = શ્વાન.
આર્ત્તઈં = આર્તથી, આર્તધ્યાનથી.
ઊપનઉં = થયો.
પાંચમઈ = પાંચમા.

૩૦. **જગત્ર** = ત્રણ જગત.
દેવ = વિમાનવાસી દેવો.
અપ્સરસ = અપ્સરા, દેવસુંદરી કે દેવનર્તિકા. પુણ્ય કરવાથી સ્વર્ગનાં

સુખો મળે છે અને તેમાં મુખ્યત્વે દેવસુંદરીઓ હોય છે એટલે તે અપ્સરા કહેવાય છે. અપ્સરાની 'પાણીમાંથી ઉત્પન્ન થાય તે અપ્સરા' એવી પણ વ્યુત્પત્તિ મળે છે. કારણ કે તે શિવસાગરમાંથી ઉત્પન્ન થયેલી મનાય છે.

સુરદેવ = ઇન્દ્ર.

ડાહી = કુશળ.

૩૧. **પટહ** = પડો, નગારું.

વલીયાં = વલય, કંકણ.

કરસણ = કૃષિ.

તાઈ = સુધી

થાકઈ = બાકી છે.

ઈસ્યઈ = એવામાં.

ચિંતામણિ = ચિંતા – ઈચ્છા પૂરી કરે તેવો મણિ.

બિન્હઈ = બન્ને.

૩૨. **જૂંસર** = ધૂંસરી.

લાંછન = લક્ષણ.

નેમિત્તિક = નૈમિત્તિક, નિમિત્ત પરથી ભવિષ્ય જાણનાર જ્યોતિષી.

પંચદિવ્ય = જુઓ પદ્ય ૧૮.

૩૩. **તપલગી** = તપથી.

હાર = દુકાન.

ખંચાખંચિ = ખેંચાખેંચી.

થાકઉં = થાક્યું.

સયર સાજઈ હુયઈ = શરીર સાજું થયે.

ખાત્ર = ખાતર પાડવું, ઘર ફાડવું.

પાણીહારિ દંડ = પનઘટ.

તલાર = (प्रा. **तलवर**) કોટવાળ.

નાવી = (**सं. नापित → प्रा. नाविअ → गु. नावी**) નાઈ.

થ્રહણઈ રાખઉ = થાપણ તરીકે રાખ્યો.

જાં = ત્યાં સુધીમાં.

સુસ્યાં = ચોરો.

મુસ્યઉ = લૂંટયો.
આપણુયે = પોતાની જાતે.
પ્રાણાતિપાત = (૧) પ્રાણાતિપાત અર્થાત્ જીવહિંસા (૨) મૃષાવાદ અર્થાત્ અસત્ય ભાષણ (૩) અદત્તાદાન અર્થાત્ ચોરી (૪) મૈથુન-અબ્રહ્મચર્ય અને (૫) પરિગ્રહ – સંગ્રહવૃત્તિ – આ પાંચેથી અટકવું એટલે કે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. જૈન ધર્મ મુજબનાં આ પાંચ મહાવ્રત છે.
રૂલઈ = ભટકે છે.

૩૪. **જ્ઞાન-દર્શન-ચારિત્ર** = જ્ઞાન, દર્શન અર્થાત્ સમ્યક્ શ્રદ્ધા અને ચારિત્ર અર્થાત્ સદાચરણ એ ત્રણ જૈન ધર્મમાં રત્નત્રય તરીકે પ્રસિદ્ધ છે અને એ ત્રણની પ્રાપ્તિથી મોક્ષનો માર્ગ બને છે એમ પ્રતિપાદિત કરવામાં આવે છે.

૩૫. **કર્મ-જ્ઞાનાવરણીયાદિ અષ્ટવિધ** = જૈન સિદ્ધાંત મુજબ કર્મના આઠ પ્રકારો છે: ૧. જ્ઞાનાવરણીય ૨. દર્શનાવરણીય ૩. વેદનીય ૪. મોહનીય ૫ અંતરાય ૬. નામ ૭. ગોત્ર અને ૮. આયુ. – આ આઠ પ્રકારનાં કર્મો આત્મા પર એમના નામ મુજબનો પ્રભાવ પાડે છે.

૩૬. **પર્ષદ, વિદ્વાંસની સભા** = પરિષદ, વિદ્વત્સભા.
ધામી = ધાર્મિક, ધર્માનુષ્ઠાન આચરનાર.
આમ = ટેક.
કાઉસગ્ગ = કાયોત્સર્ગ, એક પ્રકારનું ધ્યાન જેમાં કાયાનો ઉત્સર્ગ કરવામાં આવે છે અર્થાત્ કાયા વિશે સંપૂર્ણ અભાન બની માત્ર આત્મધ્યાન કરવાનું હોય છે. જૈનોની ૭ દૈનંદિન આવશ્યક ક્રિયાઓમાં એક કાયોત્સર્ગ છે.
ખણઈ = ખોદે છે.
સોનઈયા = સોનૈયા, સુવર્ણમુદ્રાઓ.

૩૮. **અનેરઉ** = બીજો, અનેરો.
મહિષિ = મહર્ષિ.
મરુદેવા = સ્વામિની – ભગવાન મહાવીરસ્વામીનાં માતા.

એતલા જિ. = એટલા જ માટે એમના (લેખકના) માહાત્મ્યની આગળની બે ગાથાઓ કોઈ બીજા વિદ્વાને બનાવીને અહીં મૂકી છે.

પાખી = પાક્ષિક. પક્ષાંતે કરવામાં આવતી પ્રતિક્રમણ ક્રિયાને પાખી પ્રતિક્રમણ કહેવામાં આવે છે.

સંવચ્છરી પડિકમણુ = સાંવત્સરિક પ્રતિક્રમણ. જૈનોના શ્રેષ્ઠ પર્વ પર્યુષણના અંતિમ દિવસે, દર વર્ષે જે પ્રતિક્રમણ નામક વિધિ કરવામાં આવે છે તે સાંવત્સરિક કે સંવચ્છરી પ્રતિક્રમણ તરીકે પ્રસિદ્ધ છે. સાંવત્સરિક પ્રતિક્રમણના અંતે જૈનો જગતના બધા જીવોને ક્ષમા આપે છે અને બધા જીવોની ક્ષમા માગે છે.

ગુણવઉ દીધઉ = ગણના કરવાનું આપ્યું, જાપ કરવાનું સૂચવ્યું.

૩૯. **વૃત્તિ** = ટીકા, વિવરણ.

મુગ્ધ જનના અવબોધ ભણી = સામાન્ય લોકોની સમજણ માટે.

□

અભિપ્રાય

આનંદઘન : જીવન અને કવન

સંશોધનનું કામ કેટલું કપરું છે અને એ કેટલી બધી ખંત સાથેની મહેનત માગે છે તે આ પુસ્તક દ્વારા સહુ કોઈ સ્પષ્ટ કળી શકે એમ છે. સંશોધન એટલે શું? સંશોધન કેટલો પરિશ્રમ માગે છે અને સંશોધકને કેટકેટલી માહિતીઓ આપવી પડે છે એ તમામ હકીકત આ પુસ્તક વાંચનારને હસ્તામલકવત્ થઈ શકે તેમ છે.

લેખકનો સંશોધનપ્રેમ, વગર કંટાળ્યે સંશોધનની પ્રવૃત્તિ અને જેટલી સામગ્રી સંશોધનપોષક દેખાય તે બધી સામગ્રી આપવાની ખંત એ તમામ માટે આ પુસ્તક પ્રત્યક્ષ પુરાવારૂપ છે. એકંદરે જોતાં વર્તમાનમાં પરોક્ષ રૂપે રહેલ શ્રી આનંદઘનજીને આપણી સામે પ્રત્યક્ષ ખડા કરવા લેખકે કઠોર પરિશ્રમ કરેલો નજરે દેખાય છે. શ્રી આનંદઘનજી વિશે કેટલીક વિવાદાસ્પદ હકીકતોની લેખકે ઘણી સારી રીતે છણાવટ કરી છે.

— બેચરદાસ દોશી

અપ્રગટ મધ્યકાલીન કૃતિઓ

'અપ્રગટ મધ્યકાલીન કૃતિઓ' આપીને એમણે ગુજરાતી ભાષાની ક્રમિક ભૂમિકાઓના અભ્યાસનો માર્ગ ચાલુ રાખી આપી પૂર્વ અને વર્તમાન સમાનધર્માઓની હરોળમાં સ્થાન પ્રાપ્ત કરવાનો સુભગ આરંભ કરી આપ્યો છે એ અમારા જેવા ધૂળધોયાઓને પણ આનંદ આપનારો છે. આ દિશામાં હજી તો ઘણું ઘણું કરવાનું બાકી છે. પોતાનાં અનેકક્ષેત્રીય લેખન-કાર્યમાંથી થોડો થોડો સમય આવા સંશોધનકાર્યમાં પણ આપે એવું ઇચ્છું છું. કારણ તદ્દન સ્પષ્ટ છે કે આ દિશામાં ટચલી આંગળીને વેઢે ગણાય તેટલા સંપાદકો માંડ માંડ છે.

— કે. કા. શાસ્ત્રી

શ્રી જ્ઞાનવિમલસૂરિકૃત સ્તબક

પ્રાચીન ગુજરાતીના સંશોધનક્ષેત્રે વિરલ વ્યક્તિઓ જ જ્યારે કામ કરે છે ત્યારે શ્રી કુમારપાળ જેવા આ ક્ષેત્રમાં પોતાની શક્તિ અજમાવવા તૈયાર થયા છે તે મારે મન એ ક્ષેત્રમાં રસ લેનાર માટે પ્રેરક બને એવું છે.

આનંદઘનનાં સ્તવનોના ટબાની પ્રશિષ્ટ વાચના આપવા પ્રયત્ન કર્યો છે એટલું જ નહિ પણ તેમાં સફળ પણ થયા છે.

પ્રસ્તુતમાં ટબામાં વપરાયેલા કેટલાક શબ્દોની સૂચિ અર્થ સાથે આપવામાં આવી છે અને ઉપોદ્ઘાતમાં જ્ઞાનવિમલ તથા તેમણે વાપરેલી ભાષા વિષેની ચર્ચા પણ સંપાદકે કરી છે. આમ આ સંપાદનને સુવાચ્ય બનાવવા પૂરો પ્રયત્ન કર્યો છે.

— દલસુખ માલવણિયા